Reg. No. B. 876.

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

વર્ષ ૯ મું.

# બુદ્ધિપ્રભા.

( LIGHT OF REASON. )

અંક ૧૨ મો.

नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यत कदा ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

---

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ;

નાગોરીસરાહ—અમદાવાદ

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦. સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
| --- | --- |
| ચેતનને ઉપદેશ. ... | ... ૩૫૩ |
| યજ્ઞના શુભ સિદ્ધાંત | ... ૩૫૪ |
| ગુરૂબોધ ... | ... ૩૬૩ |
| જૈનધાર્મિક જ્ઞાન ... | ... ૩૬૯ |
| જૈનધાર્મિક જ્ઞાન, જ્ઞાનથી ... થતા ફાયદા, જ્ઞાનનુ માહાત્મ્ય | ૩૭૩ |
| ચેતન શક્તિ ... | ... ૩૭૭ |
| બોર્ડીંગ પ્રકરણ. ... | ... ૩૮૨ |
| માસિકનું બીજું વર્ષ. | ... ૩૮૪ |



**સુંદર છાપ, ઉંચા કાગળ, મનહર પુંઠું અને ઉત્તમ લખાણ:**

**આ સર્વ યુક્ત:—**

# ગુરૂદર્શન

—ની બીજી આવૃત્તિ બ્હાર પડી ચૂકી છે.

સ્ત્રી તેમજ પુરૂષ, બાળ તેમજ વૃદ્ધ દરેકને ઉપયોગી બોધ આપનારૂં ઉત્તમ નૈતિક પુસ્તક ગાયકવાડ સરકારના કેળવણી ખાતા તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયું છે. કીંમત ૦-૬-૬. પોસ્ટેજ સાથે.

**બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ૦-૪-૬ પોસ્ટેજ સાથે.**

**પુસ્તક મળવાનું ઠેકાણું—બુદ્ધિપ્રભા ઓફીસ—અમદાવાદ.**

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇનકયુરેબલ પૅાપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ નહોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી હૅાસ્પીટાલ તા. ૧૯ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઈ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**" બુદ્ધિપ્રભા " ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason.)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहृद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી માર્ચ સન ૧૯૧૦. અંક ૧૨ મો.

## ચેતનને ઉપદેશ.

### રાગ થાળ.

અલખ દેશના સ્વામી રે, ચેતનજી ચેતો,
  સત્તાએ સુખરામી રે ચેતનજી ચેતો;
ચેતનજી ચેતો પ્યારા અનંત ગુણ આધારા,
  ગુણ પર્યાયા ધારા રે. ચેતન૦ ૧
સમતા સંગે રહેવું, અનંત સુખ નિજ દેવું,
  ક્ષાયિક ભાવે રહેવું રે. ચેતન૦ ૨
શુદ્ધ પ્રદેશે ચાલો, અન્તરના સુખમાં મ્હાલો,
  તજો ઠાઠ સહુ ઠાલો રે. ચેતન૦ ૩
શુદ્ધ રૂપ જે ત્હારૂં, થતું કદી નહિ ન્યારૂં,
  સત્તાએ રહેનારૂં રે. ચેતન૦ ૪
વ્યક્તિ ભાવ સુધારો, મળ્યો વખત નહિ હારો;

પોતાને પોતે તારો રે. ચેતન૦ ૫
સમાન સ્થિતિ મનની, રાખોને સર્વ પ્રસંગે,
વર્તો સદ્‌ગુણ સંગે રે. ચેતન૦ ૬
સમય મળ્યે રે સુખકારી, ચેત્યાની બલિહારી,
ધન્ય ધન્ય નરનારી રે. ચેતન૦ ૭
શુદ્ધ રમણતા રાખો, પરમાનંદ રસ ચાખો,
બુદ્ધિસાગર ગુણ ભાખો રે. ચેતન૦ ૮

# યજ્ઞનો ગુપ્ત સિદ્ધાંત.

(મર્હુમ જૈનતત્ત્વજ્ઞ વીરચંદ રાઘવજી ગાંધી. બી. એના એક ભાષણનો અનુવાદ.)

"The law of the survival of the fittest is the law of the evolution of the brute, but the law of self-sacrifice is the law of the evolution of the man".

Prof. Huxley.

"**બળીયાના બે ભાગ**" એ પશુઓની ઉન્નતિનો નિયમ છે, પણ **આત્મ ભોગ** એ મનુષ્યની ઉન્નતિનો નિયમ છે.

પ્રો. હક્ષલી.

પાશ્ચાત્ય વિદ્વાનો અને સાયન્ટીસ્ટો (પદાર્થ વિજ્ઞાનીઓ ) જણાવે છે કે મનુષ્ય અને પ્રાણી વર્ગ વચ્ચે મોટો ભેદ છે. તેઓ આપણને કહે છે કે પ્રાણીવર્ગને ભાન હોય છે, ત્યારે મનુષ્યને સ્વાત્મ ભાન (self-consciousness) હોય છે. આ સ્વાત્મભાન દરેક મનુષ્યનો સ્વાભાવિક વારસો છે, એમ તેઓ ધારે છે.

પ્રાણીવર્ગને ઇન્દ્રિય જન્ય જ્ઞાનદ્વારા ફક્ત પોતાની લાગણીઓનું ભાન હોય છે, પણ તેઓની પોતાની હયાતી–અસ્તિત્વનું ભાન હોતું નથી. પણ મનુષ્યને લાગણીઓ અને વિચારોદ્વારા બધા જગતનું ભાન થાય છે એટલું જ નહિ પણ તે ઉપરાંત તેને પોતાની હયાતીનું ભાન યા સ્વાત્મભાન હોય છે. ઉપર ટપકે વિચાર કરનારને પણ પ્રાણીવર્ગથી જૂદું પાડનારૂં મનુષ્યનું આ વિશેષતા દર્શક ચિહ્ન સહેલાઇ સમજાઇ આવે છે, પણ આ

સ્થગે પ્રશ્ન ઉઠે છે કે આત્મ ભાન અથવા આત્માનું ભાન તે શું ? શરીર કરતાં જૂદો આત્મા છે એમ જડવાદીઓ સ્વીકારતા નથી. જડવાદ પ્રમાણે ભાન અને આત્મભાન જીવતાં શરીરમાં રહેલા જૂદાં જૂદાં તત્ત્વોનાં માયાવી ચિત્રો સમાન છે, આ તત્ત્વો દરેક ક્ષણે બદલાય છે અને તેમનું સ્થાન બીજાં તત્ત્વો લે છે. વળી જડવાદ પ્રમાણે તો મનુષ્ય એ હાડકાં, સ્નાયુ અને જ્ઞાનતંતુની ગાંસડી સમાન છે.

આ તત્ત્વોનું મુખ્ય કામ ઇન્દ્રિયજન્ય જ્ઞાન લાગણીઓ અને વૃત્તિઓનો સંગ્રહ કરવાનું છે. જડવાદીઓ તો એટલે સુધી જણાવે છે કે મનુષ્યના શરીરની રચનામાં થતા માયાવી ફેરફારો જેને આત્મભાન કહેવામાં આવે છે, તે માની લીધેલા સત્ય સિવાય મનુષ્ય અને પ્રાણી વર્ગ વચ્ચે મોટો ભેદ નથી. આવો વિચાર કરવો તે મનુષ્ય સ્થિતિ પામેલા જીવાત્માનું અપમાન કરવા સમાન છે. જડવાદ પ્રમાણેનો મનુષ્યને સ્મરણ શક્તિ સંભવી શકેજ નહિ. દરેક ક્ષણે નવા દાખલ થતા પરમાણુઓ દશ વર્ષ ઉપર ત્યાં રહેલા અમુક પરમાણુઓએ શું કર્યું હતું, તે ક્યાંથી જાણી શકે, અને તેઓ ત્યાં નહતા, તો તેઓએ પણ શું કર્યું હતું તે શી રીતે તેમના જાણવામાં આવે ?

સર્વ સમયે શરીરમાં થતા અખંડિત ફેરફારોમાં ઐક્ય જાળવનાર તત્ત્વ શું છે, આ પ્રશ્નનો સંતોષકારક ખુલાશો જડવાદીઓ આપી શકતા નથી. આ તત્ત્વને આર્યલોકો આત્મા તરીકે પ્રતિપાદન કરે છે. જેને આપણે જીવતું પ્રાણી કહીએ છીએ તે દરેકને આત્મા અને શરીર હોય છે.

આ બન્નેનો સંયોગ સરબતમાં પાણી અને ખાંડની માફક યાંત્રિક રીતે ( mechanically ) થયો નથી. પણ આ બન્ને તત્ત્વો એવી રીતે સંકલાયેલાં છે, કે તે એક બીજા ઉપર અદ્ભુત અસર કરે છે, અને એક બીજામાં મોટા ફેરફાર કરે છે. હિતોપદેશમાં કહ્યું છે કે:—

**आहारनिद्राभयमैथुनं च**
**सामान्यमेतत्पशुभिर्नराणां ।**
**धर्मो हि तेषामधिकोविशेषो**

× × × × × ×

**અર્થ**:—મનુષ્ય અને પ્રાણીવર્ગ આહાર, નિદ્રા, ભય અને મૈથુનને આધિન છે. આ બાબતમાં તેઓની સમાનતા રહેલી છે, પણ મનુષ્યનું ખાસ લક્ષણ એ છે કે તે ધર્મ આચરી શકે, જગતના આધ્યાત્મિક નિયમો ને સમજે, અનુભવ કરે અને વ્યવહારમાં મુકી શકે. આ નિયમો તેને તેની શુ-

હલકી ખાસીયતો—પાશવસ્વભાવ—ઉપર જય મેળવતાં અને તેના ઉચ્ચ સ્વભાવને પ્રધાનપદ આપી ખીલવતાં શિખવે છે. આ કારણથીજ મનુષ્ય એ ધાર્મિક પ્રાણી છે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે મનુષ્યે આ પદ શી રીતે પ્રાપ્ત કર્યું? ટુંકામાં **યજ્ઞના—આત્મભોગના** નિયમથી તેણે આ પદ મેળવ્યું.

ચેતનાનો પ્રથમ આરંભ શરીરદ્વારા થાય છે. વનસ્પતિ ખનિજ વગેરે આત્માની હલકી સ્થિતિઓમાં પણ જેમ શરીર સુક્ષ્મ હોય છે, તેમ તે શરીરમાં સુખ દુઃખ જાણવાની વિશેષ શક્તિ માલૂમ પડે છે. ચૈતન્યની ઉન્નતિ તેમજ જૂદા જૂદા આકારોનું પ્રકટીકરણ સ્થૂલ અથવા હલકી બાબતોનો ભોગ આપવાથી અને સૂક્ષ્મ કે ઉચ્ચ બાબતો ગ્રહણ કરવાથી થાય છે. જોકે સર્વ પ્રાણીઓમાં બરાબર આ રીતે બનતું હોય એમ લાગતું નથી, પણ નાનામાં નાનું પ્રાણી પણ જાણતાં અથવા અજાણતાં અશુદ્ધતાનો ત્યાગ કરે અને શુદ્ધ તત્ત્વોને ગ્રહણ કરે તે સિવાય જીવની ઉચ્ચસ્થિતિ થઇ શકે નહિ* ઘણા મનુષ્યો પણ અજાણતાં એ પ્રમાણે કરે છે. ઉન્નત વિચારવાળા મંડળમાં વસનાર હલકો મનુષ્ય પોતાનો નીચ સ્વભાવ ઘણો ખરો છોડી દેછે, અને જેમની સાથે વસે છે, તેમના જેવું શુદ્ધ પોતાનું સ્થૂળ શરીર બનાવે છે.

ઘરમાં પાળેલાં પશુઓ આ યજ્ઞના નિયમના ઉત્તમ દ્રષ્ટાન્તો છે. આ સર્વ દ્રષ્ટાન્તોથી એટલું સિદ્ધ થાય છે કે હલકા સ્વભાવનો ત્યાગ કરવાથી—ભોગ આપવાથી—જ્ઞાનરૂપી યજ્ઞમાં આહુતિ આપવાથી જીવો સૂક્ષ્મ શક્તિઓ—લબ્ધિઓ મેળવે છે અને ઉચ્ચ ભુવનો પ્રાપ્ત કરવાને તે શક્તિઓનો તેઓ ઉપયોગ કરી શકે છે.

મનુષ્ય જાતિના અભ્યાસકોએ મનુષ્યોની જૂદી જૂદી માનસિક સ્થિતિ તપાસી તેના ત્રણ વિભાગ પાડયા છે. હલકામાં હલકાં મનુષ્યો અનીતિમાન્ આળસુ અને અજ્ઞાની હોય છે. મધ્યમ વર્ગના મનુષ્યો ઇન્દ્રિયોને સંતોષવામાં અર્થાત્ ખાવા, પીવા અને પહેરવાનાં સુખો મેળવવામાં પોતાનું જીવન ગાળે છે.

અને ઉત્તમ વર્ગના મનુષ્યો પોતાનો કાળ અને શક્તિ આધ્યાત્મિક

---

* આ નિયમને આપણે જૈન શૈલિ પ્રમાણે "અકામ નિર્જરા" કહીએ છીએ. અનુવાદક.

(spiritual) લાભાર્થે વાપરે છે. પણ મનુષ્ય જાતિનો મોટો ભાગ મધ્યમ વર્ગના લોકોનો બનેલો લાગે છે. જે હલકું હોય તેને પ્રથમ ઉચ્ચ બનાવવું જોઇએ અને જે લોભ હોય તેને આધ્યાત્મિક લાભ મેળવવાની દૃઢ ઇચ્છારૂપે બદલી નાખવો જોઇએ. આ રીતે વિકાર અને વિષયરાગને સર્વ પ્રાણી તરફના ઉચ્ચ પ્રેમ રૂપે ફેરવવા પ્રયત્નશીળ થવું જોઇએ. આ સર્વ ફેરફાર યજ્ઞ--આત્મભોગના નિયમદ્વારા થાય છે.

આવા વિચારોને લક્ષમાં રાખી—જે સ્થિતિમાં સ્વાભાવિક રીતે મનુષ્યો ઈંદ્રિયોની તૃપ્તિને જીવનના મુખ્ય ઉદ્દેશ રૂપ સમજે છે તેવી સ્થિતિમાં આવેલા મનુષ્યોને વાસ્તે, અને જે મનુષ્યોમાં હલકી વૃત્તિઓ એટલી પ્રબળ અને શક્તિમાન્ હોય છે કે ઈંદ્રિયોની તૃપ્તિ સિવાય બીજા કોઇ કારણથી મનુષ્યો પ્રવૃત્તિ કરવા લલચાતા નથી તેવા મનુષ્યોને વાસ્તે—હિંદુસ્થાનમાં પ્રાચીન આચાર્યોએ તેમજ ઋષિ મુનીઓએ કેટલાક નિયમો ઘડી કાઢ્યા હતા. આપણી ચારે બાજુએ દૃષ્ટિ ફેરવતાં જણાય છે કે મનુષ્ય જાતિનો મોટો ભાગ આવા મનુષ્યોનો બનેલો છે. જેમનાં આચાર અને જીવનનો ઉદ્દેશ પરહિતજ હોય એવા મનુષ્યો બહુ વિરલા છે. જે મનુષ્યોનાં વિચાર અને કાર્યોને સ્વાર્થીપણા—અહંતા—નો વિચાર કાબુમાં ન રાખતો હોય તેવા મનુષ્યો તો બહુજ થોડા છે. વળી કેવળ મનુષ્ય જાતિની સેવા અર્થે નહિ પણ સર્વ ચૈતન્યવાળાં પ્રાણીના હિતાર્થે જેઓએ આત્મભોગ આપ્યો હોય, તેવા નરતો જૂજ હોય છે. જો કે વસ્તુ સ્થિતિ આવા પ્રકારની છે, છતાં યોગ્ય પ્રયત્નોથી હલકા સ્વભાવવાળા મનુષ્યોને ઉચ્ચ પગથિયાં પર મૂકી શકાય, અને તેમને એવો બોધ આપી શકાય કે જે દ્વારા તેઓ જાણી શકે કે જીવન ઇન્દ્રિય તૃપ્તિના સાધનરૂપ નથી પણ કર્તવ્ય બજાવવાના ક્ષેત્રરૂપ છે. આવો વિચાર જો તેના જીવન વ્યવહારમાં દાખલ થાય તો કેવું સારૂં ? સ્વાર્થને ખાતરજ કાર્ય કરનારની માનસિક સ્થિતિનું આપણે પૃથક્કરણ કરીએ તો જણાશે કે તેના દરેક કામને વાસ્તે તે બદલાની ઇચ્છા રાખે છે. તે બદલાને વાસ્તેજ કામ કરે છે, કારણ કે તેના આત્માને કાબૂમાં રાખનારી ઘણી વાસનાઓનું તેનાપર સામ્રાજ્ય ચાલે છે. તેણે હજુ હલકા વિકારોપર જય મેળવ્યો નથી. પણ તે હલકા વિકારોનો ગુલામ છે. આ દાસત્વની—પરતંત્રતાની સ્થિતિમાંથી મુક્ત કરવા સારૂ જ્ઞાની પુરૂષોએ કેટલાક નિયમો ઘડી કાઢ્યા છે, જે આપણે આ લેખમાં વિચારીશું.

તેને કેટલાંક કામો—અને તે પણ તે કાર્યના ફળની ઇચ્છાથી નહિ પણ

જગત્ ભણીની તેની કેટલીક ફરજો બજાવવાનેજ ફક્ત–કરવાને શિખવવામાં આવ્યું હતું. આ કામો કરવાથી તે ધીમે ધીમે પાશવ વૃત્તિઓના પાશમાંથી પોતાના આત્માને છૂટો કરી શકતો અને ઉચ્ચ પ્રકારનાં સત્યો શિખી શકતો હતો. આ નિયમોમાં એક નિયમ એ હતો કે તેણે પાંચ પ્રકારના યજ્ઞ કરવા.

## દેવયજ્ઞ.

ઉચ્ચ ભૂમિકાની દિવ્ય અને ચૈતન્ય યુક્ત શક્તિઓ–દેવો–ભણી યજ્ઞ કરવો. મનુષ્યના શરીરને પોષણ આપનારી દરેક ચીજને અન્ય ભૂમિકાની સૂક્ષ્મ શક્તિઓ સાથે સંબંધ છે. વસ્તુતઃ દરેક ચીજનું પોષણ તે શક્તિઓ વડે થાય છે. તેટલા માટે મનુષ્ય તે શક્તિઓનો આભારી છે. જે દેવો પાસેથી તેને આટલું બધું મળે છે, તે દેવોને—તે દિવ્ય શક્તિઓને બદલામાં તેણે કાંઇક આપવું જોઇએ, પણ કેવળ સ્વાર્થી થવું જોઇએ નહિ. જો શુદ્ધ હવાથી મનુષ્યના શરીરમાં સ્ફૂર્તિ આવતી હોય તો આસપાસની હવા શુદ્ધ રહે તેને સારૂ તેણે પ્રયત્ન કરવો જોઇએ. જો શુદ્ધ ખોરાકથી તેનું પોષણ થતું હોય તો જે શક્તિઓ અન્નને શુદ્ધ બનાવે છે, તે શક્તિઓને તેને કાંઇ બલિદાન—ભોગ આપવો જોઇએ. આ પ્રમાણે દરેક બાબતમાં બદલામાં તેણે કાંઇક આપવું જોઇએ. બીજા પાસેથી મળેલા લાભના બદલા રૂપે કાંઇક કાર્ય કરવાથી તેને સંતોષ થશે કે તે ચોર કે ભિખારી નથી પણ પ્રમાણિક આત્માધિન—સ્વતંત્ર મનુષ્ય છે.

## પિતૃયજ્ઞ.

આ યજ્ઞ પિતા માતા અને આપણા બાપદાદાઓ ભણી કરવાનો છે. તેઓએ આપણને ઉછેર્યાં છે, આપણું પોષણ કર્યું છે અને આપણને વસ્ત્ર પુરાં પાડયાં છે, બાળપણમાં આપણી સંભાળ રાખી છે અને તે નિમિત્તે તેઓએ ઘણી રાત્રિઓ સુધી ઉજાગરા પણ વેઠ્યા છે. તેમની તરફથી મળેલા આ સઘળા લાભના બદલામાં જો આપણે કાંઇ પણ ન કરીએ તો ખરેખર આપણે કૃતઘ્ની ( ungrateful ) કહેવાઇએ. જો તેઓ જીવતાં હોય અને વૃદ્ધ થયાં હોય તો આપણે તેમની સંભાળ લેવી જોઇએ અને તેમનું જેથી કલ્યાણ થાય, તેવી દરેક રીતે તેમની સેવા બજાવવી જોઇએ. તેમનાં મરણ પછી તેમનાં નામ આપણી સ્મરણ શક્તિમાં તાજાં રાખવાં જોઇએ. મનુષ્ય–ઉન્નતિમાં તેઓએ પોતાનો ભાગ ભજવ્યો છે. આપણે તેઓએ કરેલાં કાર્યોની કદર બુઝવી જોઇએ, અને તેમણે પડતું મૂકેલું કામ

ઉપાડી લેવું જોઇએ કે જેથી મનુષ્ય જાતિની ઉન્નતિનો પ્રવાહ અખં-ડિત વહ્યાં કરે.

## મનુષ્ય યજ્ઞ.

આ યજ્ઞ આપણી સંભાળ અને મદદની જરૂરવાળા મનુષ્યો ભણી કરવાનો છે. દરેક મનુષ્ય સમગ્ર મનુષ્ય જાતિનો એક વિભાગ છે. અને આપણા એક માનવ બંધુને–જાતિભાઇને ખરા અંતઃકરણથી મદદ કરવામાં આપણે આખી મનુષ્ય જાતિને મદદ કરીએ છીએ. જો ભવિષ્યમાં મળનાર મોક્ષનો આધાર ખરેખર પ્રેમ–દયા ઉપર રહેલો હોય તો તે પ્રેમ ફક્ત વિ-ચારરૂપે જ નહિ રાખી મૂકતાં તેને વ્યવહારમાં યોજવો જોઇએ. જેઓને મદદની જરૂર છે, તેમને ખરેખર મદદ કરીને આપણામાં રહેલા તે પ્રેમના વિચારને વ્યવહાર સિદ્ધ કરવો જોઇએ. આવા યજ્ઞ–આત્મભોગથી મનુષ્યની વધતી જતી સ્વાર્થતાનો ધીમે ધીમે નાશ થતો જાય છે. આ સિદ્ધાંત સ્મ-રણમાં રાખી નિરંતર તે પ્રમાણે વર્તવાથી તે મનુષ્યની બાહ્યજગત તરફની વૃત્તિ તેમજ માનસિક સ્થિતિ એવી બદલાઇ જાય છે કે મોટામાં મોટી ચિંતા તેમજ ઉદ્વેગથી તેનું મન ક્ષોભ પામતું નથી કે સ્થિરતાથી ચલિત થતું નથી. સઘળા સંયોગોમાં તેમજ બનતા બનાવોમાં તેનું મન એક સરખી રીતે શાંત અને સ્થિર રહે છે; અને આ જગતમાં દેખાતા ભેદભાવ અને અસમાનતાનું કારણ તે બરાબર રીતે સમજી શકે છે.

## પશુયજ્ઞ.

આપણે પ્રાણીઓનું રક્ષણ કરીને પોષણ કરીને અને સંભાળ લેઇને, તેમની ઉન્નતિમાં સહાયભૂત થવું જોઇએ. આ પ્રાણીઓ ઉન્નતિની સીડીમાં મનુષ્ય વર્ગ કરતાં નીચાં પગથિયાંપર ઉભેલાં છે, તેટલા માટે તેમનો નાશ કરવો એ કોઇ પણ રીતે યોગ્ય ગણાય નહિ. તે આપણા કરતાં નીચેનાં પગ-થિયાં પર ઉભેલાં છે, માટે તેમના તરફ આપણે એક ફરજ બજાવવાની ખડી થાય છે. તેઓ ભાર ઉંચકનારા પશુ તરીકે મનુષ્ય જાતિને સારી સ્થિ-તિમાં લાવવામાં ઘણા જમાના સુધી નિરંતર વફાદાર મદદગાર તરીકે નીવ-ડેલા છે. ઘોડો, ઉંટ, હાથી, ગાય વગેરે પ્રાણી ન હોતતો મનુષ્યજાતિ આ-ગળ વધી શકત નહિ. જો બકરાં અને ઘેટાં ન હોતતો તમે અને હું ઉનનાં લુગડાં બનાવી આપણી જાતને ગરમ બનાવવા સમર્થ થયા હોત નહિ. આ-ટલું છતાં પણ જે સ્ત્રી પુરૂષો ટેવથી યા રૂઢીથી આ માંસનો ખોરાક ખાઇ પ્રાણીઓને વધ કરવાને સ્પષ્ટ રીતે ઉત્તેજન આપે છે, તેઓ કેટલા બધા

સ્વાર્થી છે તેનો ખ્યાલ શબ્દોમાં શી રીતે આણી શકાય ? પ્રાણીઓના માં-સનો ખોરાક વાપરવામાં તેઓ કેટલા બધા કૃતઘ્ની થાય છે તેનો તેઓએ ક્ષણભર વિચાર લાવવો ઘટે છે. જો આપણને-મનુષ્યોને પ્રાણીવર્ગ તરફથી આટલા બધા લાભ મળ્યા છે, તો પછી આપણે તેમની તરફ માયાળુ થઇને દુઃખી પ્રાણીની સંભાળ તથા કાળજી લેઇને તેમની તરફથી મળેલા લાભનો બદલો વાળવાની આપણી ફરજ-ધર્મમાં જરા પણ ચૂકવું નહિ.

## જ્ઞાન યજ્ઞ.

આ યજ્ઞ જ્ઞાન અને આધ્યાત્મિક લાભ મેળવવાને કેટલોક સમય શક્તિ અને ધનનો વ્યય કરીને પોતાના વાસ્તે કરવાનો છે. અસલની જંગલી સ્થિ-તિમાંથી મનુષ્યની સ્થિતિમાં જીવ આવી પહોંચ્યો તેનું કારણ તે જીવમાં ર-હેલી ઉચ્ચ થવાની શક્તિ હતી. અંતરાત્મા પરમાત્મા થવાને નિશદિન તલસ્યાં કરે છે. આ મનુષ્ય ભવમાં આપણા આત્માની શુભ શક્તિઓ ખીલવવા ઘણા પ્રસંગો અને તકો મળે છે. તો જેઓ મનુષ્યભવમાં આવેલા છીએ તેવા આપણે આ તક અથવા પ્રસંગ જરા પણ નકામા ગુમાવવા નહિ, દરરોજ દિવસનો અમુક ભાગ અભ્યાસ, વાચન, એકાગ્રતા અને આત્માનો સાક્ષાત્કાર કરવાના પ્રયાસમાં રોકવો જોઇએ. પુસ્તક અને અભ્યાસ સારૂ તેણે કેટલુંક દ્રવ્ય પણ ખરચવું જોઈએ. બીજાં લોકોને ધર્મનાં મહાન્ શિક્ષણો શિખ-વાની સંગવડ પડે તે માટે તેણે મદદ કરવી જોઇએ. જે મનુષ્યો બીજાને સહાય કરતા હોય તેમને પણ તેણે યથાશક્તિ સહાય આપવી. જે મનુષ્યો અભ્યાસની બિલકુલ દરકાર કરતા નથી, તેની અપેક્ષાએ જે સ્વાર્થી મનુષ્ય પોતાના જાતિભાઇઓની દરકાર કર્યા સિવાય પોતાના અભ્યાસમાંજ મંડયો રહે છે, તે વધારે સારો ગણી શકાય. મનુષ્ય ગમે તેવી સ્થિતિમાં હોય, છતાં તેના પોતાના આત્મામાં રહેલી શુભ અને અપ્રકટ શક્તિઓ વિષે જ્ઞાન મેળવવું જોઇએ. કારણ કે knowledge is power જ્ઞાન તે અપૂર્વ શક્તિ છે. ખરી શક્તિની ઇચ્છા રાખનારે જ્ઞાન મેળવવું જોઇએ. તેમજ વધારે ઉચ્ચને શુભ શક્તિઓ આપણને અસર કરે છે, આપણામાં કાર્ય કરે છે, અને કે-ટલેક અંશે આપણું ભવિષ્ય રચે છે, તેવી શક્તિઓ આ જગતમાં હયાત છે તે સંબંધી જ્ઞાન સંપાદન કરવું જોઇએ, અને જે નિયમોદ્વારા તે શક્તિ-ઓ પ્રકટ થાય તે નિયમોનો અભ્યાસ કરવો જોઇએ. તેણે દરેક ક્ષણે આ-ત્મનિરીક્ષણ કરવું જોઇએ, કારણ કે આ આત્મનિરીક્ષણથી મનુષ્ય પોતાની હલકી ખાસીયતો-વિકારો પર જય મેળવી શુભ શક્તિઓ પ્રકટ કરી શકે છે.

આવી બાબતોમાં આપેલો દ્રવ્ય અને સમયનો ભોગ આપનારને પોતાને તેમજ પરને લાભદાયક નીવડે છે. આપણી હલકી ઇચ્છાઓ, લાગણીઓ, વિકારો અને તુરંગો પ્રમાણે વર્તવામાં કેટલો બધો ભોગ આપણે આપવો પડે છે, તેનો વિચાર કરો. ધન, સમય અને ઉત્સાહનો આવી નજીવી બાબતોમાં ભોગ આપવાથી જરા પણ આધ્યાત્મિક લાભ મળતો નથી. નિરંતર બદલાતી જતી જન મંડળની રૂઢિ ( ફેશન ) અને એટીકેટ ( સામાજીક રિવાજ ) ને ગુલામની માફક આધીન થઈ આપણે ઉપર પ્રમાણે ભોગ આપીએ છીએ. જો નાતજાતને ખુશી રાખવાને આપણે આટલો બધો ભોગ આપવા તત્પર થઇએ છીએ તો પછી જે મનુષ્યોએ આત્મામાં રહેલી ઉચ્ચ શક્તિ વિષે જરા પણ વિચાર કર્યો નથી તે પુરૂષોના અભિપ્રાયની દરકાર કર્યા સિવાય આપણા આધ્યાત્મિક ઉત્કર્ષ સારૂ સમય ધન કે મનોબળનો ભોગ આપતાં શા સારૂ અચકવું જોઇએ !

જે મનુષ્યોને અવકાશ છે, તેઓએ થોડો સમય આત્મામાં રહેલી શુભ શક્તિઓ પ્રકટ કરવાને અવશ્ય ગાળવો જોઇએ, અને જેઓ પાસે ધન છે, તેઓએ પોતાની જાતને તથા આવા પ્રકારના જ્ઞાનની ઇચ્છા રાખનારા બીજાઓને બનતી મદદ કરવી જોઇએ

આ યજ્ઞના ઉત્તમ નિયમનો ઘણીવાર ખોટો અર્થ યા દુરૂપયોગ કરવામાં આવતો આપણે જોઇએ છીએ તથા સાંભળીએ છીએ. હિંદુસ્થાનમાં તેમજ પેલેસ્ટાઇનમાં ધર્મનાં ખરાં રહસ્ય નહિ સમજવાથી બ્રાહ્મણોએ તથા યાહુદી લોકોએ તેનો દુરપયોગ કર્યો હતો. રૂધિર પાનની તૃષ્ણાવાળા દેવો (રાક્ષસો !) આગળ અથવા કોપી ઇશ્વર આગળ તેઓ પ્રાણીઓનો ભોગ આપતા હતા. પ્રાણીઓના માંસનો આહાર અને મદિરાપાન જે તેઓ પ્રાણીઓનું રક્ષણ કરવાની દયામય રૂઢિને લીધે કરી શકે નહિ, તેની ઇચ્છા રાખનારા સ્વાર્થી ધર્મગુરૂઓ પવિત્ર સત્યોનો ખોટો અર્થ કરવાને અને તે સત્યનો નાશ કરવાને પણ ભૂલતા નહિ. તેઓની અધમજીહ્વા સ્વાદની તૃપ્તિ અર્થે ગરીબ મુગાં પ્રાણીઓનો આ રીતે ભોગ અપાતો હતો.

ધર્મ ગુરૂઓ હમેશ જ્ઞાનની વૃદ્ધિના વિરૂદ્ધ અને જ્ઞાતિ (ધર્મપ્રવાહ) બંધનના હિમાયતી હોય છે. હલકી વર્ણનો મનુષ્ય તેમના અભિપ્રાય પ્રમાણે પવિત્ર શબ્દ સાંભળી શકે પણ નહિ. જ્ઞાતિબંધનના હિમાયતી તેમજ કેળવણીના ફેલાવાના વિરોધી પુરૂષો હિંદુસ્થાનમાં વસે છે તેવા પુરૂષો અન્ય દેશોમાં

પણ છે, અને તેઓ દેશની ઉન્નતિમાં કે ઉન્નતિ અટકાવવામાં તેવો-જ ભાગ લે છે.

મુક્તિ અમર અને પરમ આત્માને ખીલવવામાં સમાયેલી છે. આ પરમાત્મા તેના પોતાનામાંજ રહેલો હોવાથી તેના પોતાના પ્રયત્નથીજ તે ખીલી નીકળશે. આપણો હલકો સ્વભાવ, આપણા દોષો અને આપણાં પાપો દૂર કરવાનાં છે. અમુક વ્યક્તિના મરણથી મનુષ્યોનાં પાપ દૂર થઇ શકે નહિ. જો તેમ થઇ શકે તો સદ્‌ગુણી જીવન પ્રમાણે વર્તવાની જરૂર ક્યાં રહી ? દરેક મનુષ્ય પોતાનું ભવિષ્ય રચી શકે છે, અને દરેક પોતાનો મોક્ષ સાધી શકે છે.

આ પશુયજ્ઞ દાખલ થવાનું બીજું પણ એક કારણ હતું. હલકા પ્રકારની સત્તાવાળી કેટલીક શક્તિઓ—દેવીઓ કે દેવો સૃષ્ટિના જૂદા જૂદા વિભાગોમાં વસે છે, અને મનુષ્ય, પ્રાણી અને અપવિત્ર ખોરાકમાંથી નીકળતા અધમ, દુર્ગુણી અને સૂક્ષ્મ પરમાણુઓ ઉપર તેઓ જીવે છે, અને તેમનું પોષણ થાય છે. યોગની વામ માર્ગની ક્રિયાઓમાં તેવી દેવીઓની સાધના કરવામાં લોહી, માંસ અને મદિરાનું બલિદાન આપવામાં આવે છે. તેઓ થોડા સમય સુધી આવો યજ્ઞ કરનારને સ્હેજ સ્થૂળ મદદ કરે છે, પણ આખરે તેઓ તેને પોતાનો ગુલામ બનાવે છે.

પણ ખરો યજ્ઞ નીચ સ્વભાવનો ત્યાગ કરવામાં રહેલો છે. પરમાત્માની વેદી ઉપર તેનો ભોગ આપી આપણા સાથે આપણું ઐક્ય અનુભવવામાં રહેલો છે. પૂર્વના તેમજ પશ્ચિમના દેશોમાં ધર્મનો ડોળ રાખનાર પુરૂષોએ પ્રાચીન સત્યને ગુંગળાવી મારી નાખ્યું છે.

આ સત્યને સતેજ કરવામાં અને તેની અસલી પવિત્રતા પાછી આણી આપવામાં આપણે સઘળાએ એકમત થવું જોઇએ. અને આ પ્રમાણે મનુષ્ય જાતિપર આવી પડેલા અજ્ઞાનના બંધનમાંથી તે મનુષ્ય જાતિને મુક્ત કરવી જોઇએ.

# ગુરૂબોધ.

( લેખક: **મુનિશ્રી બુદ્ધિસાગરજી.**)

## सत्य.

### सत्यान्नास्ति परो धर्म्मः

સત્યથી અન્ય મોટો ધર્મ નથી. જગતમાં સત્યમાં સર્વનો સમાવેશ થાય છે. પ્રત્યેક મનુષ્યોને પુછીશું કે સત્ય તમને પ્રિય લાગે છે; ત્યારે તે કહે કે હા અમને સત્યજ પ્રિય લાગે છે. આત્મા જ્ઞાનથી સત્ય અને અસત્ય સમજી શકે છે. સર્વજ્ઞ થયા વિના સર્વથા પ્રકારે સત્ય સમજાતું નથી. મનુષ્યમાં જેટલા જેટલા અંશે જ્ઞાન હોય છે તેટલા તેટલા અંશે તે સત્યને સમજી શકે છે. પ્રત્યેક મનુષ્યની ફરજ છે કે સત્ય સમજવું અને સત્ય બોલવું. સત્ય સમજ્યા વિના સત્ય ભાષણ થઇ શકતું નથી. સર્વજ્ઞના વચનાનુસારે ભાષણ કરતાં અસત્ય બોલી શકાતું નથી. સત્ય સમજવામાં પણ સર્વજ્ઞની વાણી અત્યંત ઉપયોગી છે. રાગદ્વેષ રહિત વીતરાગ દેવને અસત્ય કહેવાનું કંઇ પણ પ્રયોજન નથી. સર્વજ્ઞનાં વચનને સમજવામાં મનુષ્યોની મતિ મુંઝાયતો તેથી સર્વજ્ઞનો દોષ નથી પણ મતિની સ્થૂલતા એજ દોષ જાણવો. જેમ જેમ સત્ય સમજવામાં આવે છે ત્યારે મનુષ્ય સત્યને સત્ય તરીકે સ્વીકારે છે. દાખલા તરીકે જેમ કોઈ મનુષ્યને ઘટનું જ્ઞાન થતાં ઘટને ઘટજ કહેશે પણ ઘટને પટ કહેવાનો નથી. તેમજ પટને પટજ કહેવાનો. જીવનું જ્ઞાન થતાં જીવને જીવ કહેવાનો. અજીવનું જ્ઞાન થતાં જીવને અજીવ કહેવાનો જ. તેમજ પુણ્યને પુણ્યજ કહેવાનો તેમજ પાપનું જ્ઞાન થતાં પાપ તે પાપ સમજાવાનું તથા પાપ તે પાપ છે એમ ભાષણ કરવામાં આવશે. બંધ અને મોક્ષનું જ્ઞાન થતાં બંધ તે બંધ છે અને મોક્ષ તે મોક્ષ છે, એમ ભાષણ થવાનું. જે જે વસ્તુ જે જે અપેક્ષાએ જે જે ધર્મવિશિષ્ટ છે તે તે અપેક્ષાએ તે તે ધર્મ જાણતાં તે તે અપેક્ષાએ સત્ય ભાષણ થવાનું. સત્યભાષણ કરવામાં સત્યજ્ઞાનની અત્યંત આવશ્યકતા છે એમ સ્પષ્ટ સમજવામાં આવ્યું. સત્ય વચન બોલનારનું મુખ પવિત્ર કહેવાય છે. સત્યનું વદવું સ્વાભાવિક રીત્યા થાય છે. અસત્ય વદવામાં કાંઇક મહેનત કરી અન્ય વિચાર ગોઠવવો પડે છે. સત્ય બોલવાથી પોતાને તથા પરને લાભ મળે છે. અસત્ય બોલવાથી સ્વ અને પરને હાનિ થાય છે. સત્યથી દેવતાઓ ખુશ થાય છે. અસત્ય વદવાથી

પોતાના આત્માનોજ નાશ થાય છે. સત્ય સૂર્યની પેઠે સદા કાલ પ્રકાશ કરે છે. અને અસત્ય અંધકાર ફેલાવે છે. સત્યથી વિઘ્નોનો નાશ થાશ છે અને અસત્યથી નવાં વિઘ્ન ઉભાં થાય છે. સત્ય બોલવાથી પુણ્ય થાય છે અને અસત્ય બોલવાથી પાપ થાય છે—સત્ય બોલવાથી ધર્મની ઉત્પત્તિ થાય છે અને અસત્ય બોલવાથી ધર્મનો નાશ થાય છે. સત્યનો મહિમા અનેક મહાત્માઓએ વર્ણવ્યો છે. કહ્યું છે કે—યોગ શાસ્ત્રમાં:—

## श्लोक.

ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये
धात्री पवित्रीक्रियते तेषां चरणरेणुभिः ॥ १ ॥
अलीकं ये न भाषंते सत्यव्रतमहाधनाः
नापराद्धुमलं तेभ्यो भूतप्रेतोरगादयः ॥ २ ॥
न सत्यमपि भाषेत परपीडाकरं वचः
लोकेऽपि श्रूयते यस्मात् कौशिको नरकं गतः ॥ ३ ॥
प्रियं पथ्यं वचस्तथ्यं सुनृतं व्रतमुच्यते
तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥ ४ ॥

જ્ઞાન અને ચારિત્રનું મૂળ સત્ય છે, તેને જે બોલે છે તેઓની ચરણ ધૂળથી પૃથ્વી પવિત્ર કરાય છે. તે સત્ય વ્રતરૂપ મહા ધનને ધારણ કરનારા મહાત્માઓ જૂઠું બોલતા નથી. જેથી ભૂત પ્રેત પિશાચ પણ તેઓનો અપરાધ કરવા સમર્થ થતા નથી—પરને પીડા કરનાર સત્ય વચન પણ જ્ઞાની બોલે નહી. કારણ કે સત્ય વચન પણ પરનો નાશ કરનાર એવું બોલવાથી કૌશિક તાપસ નરકમાં ગયો. પ્રિય પથ્ય અને તથ્ય વચન બોલવું તે સત્ય વ્રત કહેવાય છે. અપ્રિય અને અહિત બોલવું તે સત્ય હોય તો પણ અસત્ય કહેવાય છે. કાણાને કાણો કહેવો—વ્યભિચારીને વ્યભિચારી કહેવો તે પણ સત્ય વચન છે, કિંતુ તેની લાગણી દુઃખાય માટે પરિણામે અસત્ય વચન કહેવાય છે. ઘણા પુરૂષો સત્ય વ્રત અંગીકાર કરે છે એવા સાધુઓ તથા ગૃહસ્થો અન્યના આત્માની લાગણી દુઃખાય એવાં સત્ય વચન બોલતા છતા પણ પરિણામે અસત્ય વચન બોલે છે. કોઈ પણ જીવની લાગણી દુઃખાય એવું વચન બોલવું તે અસત્ય વચન છે. આમ જ્યારે સમજવામાં આવે છે તો ભવ્યજીવોએ શા માટે અસત્ય વચન બોલવું જોઈએ? અસત્ય બોલવાથી

અન્યજીવોની હિંસા થાય છે. ક્રોધ માન માયા અને લોભાદિ પરિણામના યોગે સત્ય વચન પણ અસત્યરૂપ પરિણામે થાય છે. જે જે સમયે કંઈ પણ ભાષણ કરવું હોય ત્યારે વિચારીને કરવું જોઈએ કે જેથી અસત્ય વચન કહી શકાય નહીં—અસત્ય બોલનાર પોતાના આત્માને અધઃસ્થિતિમાં મૂકે છે. સત્ય બોલનાર આત્મા પોતાના આત્માને ઉચ્ચ કોટી ઉપર મૂકે છે. અને તેથી અન્ય ઉપર ઉપકારની વૃષ્ટિ કરી આત્મા જીવન સુખમય કરે છે. સત્ય

**સત્ય બોલનારને અનેક દુઃખો વેઠવાં પડે છે.**

બોલનારને પ્રારંભમાં અનેક જાતની વિપત્તિઓ ભોગવવી પડે છે. અસત્ય બોલવાની અણી ઉપર આવવું પડે છે. પ્રસંગે આત્મધૈર્યનો પણ વિશ્વાસ ખોવો પડે છે, તો પણ જે વીર પુરૂષો છે તે અનેક દુઃખના પ્રસંગોમાં પણ સત્ય બોલી શકે છે દુઃખને પણ સુખ કરી માને છે, કોઈના દૂષણ વા પાપ ઉઘાડું થાય અને તેથી દોષીની નિન્દા થાય એવું વચન પ્રાણાંતે પણ બોલતા નથી. વચન બોલવાથી પોતાના આત્માને શાંતિ મળે અને પરના આત્માને શાંતિ મળે એવી વાણી બોલનાર સત્યવ્રતી જગત્માં અંતે સૂર્યની પેઠે પ્રકાશ કરે છે. હરિશ્ચંદ્ર રાજાએ સત્યવ્રત અંગીકાર કર્યું અને દુઃખના સમયમાં પણ સત્ય બોલ્યા તેથી જગત્માં હાલ પણ તેમનું નામ અમર રહ્યું છે. અનેક મહાત્માઓ સત્ય બોલી અમર પદને પામ્યા છે. અને પામશે. ગૃહસ્થાવાસમાં પણ સત્ય બોલનાર સુ-

**જગતનો વ્યવહાર પણ સત્ય વ્રતથી સારીરિતે ચાલી શકે છે.**

ખી થાય છે. વ્યાપાર વગેરેમાં પણ તે પ્રતિષ્ઠા પામેછે. લોકોમાં તેની કીર્તિ ગવાય છે સત્ય વચનથી લોકોમાં તેના વચનની પ્રતીતિ પડે છે. સત્ય વચન બોલનારના વચન ઉપર વિશ્વાસ આવે છે. ત્રણ જગત્માં સત્યના સમાન કોઈ પ્રકાશક વસ્તુ નથી. જો જગત્માં સત્ય બોલનાર કોઈ નહોત તો સત્ય સુખ પામી શકાત નહીં. કેવળજ્ઞાની સત્યવક્તા હતા તેથી અનેક જીવોનું કલ્યાણ થયું. સત્ય જાણનાર હોય પણ સત્ય વક્તા ન હોયતો અન્યજીવો સત્યતત્ત્વ શી રીતે સમજી શકે; જે જીવો જેટલા અંશે સત્ય જાણે છે તે જો સ્વપરને હિતકારક હોય તો તે વચન અન્યને કહેવું જોઈએ. કોઈ ભલે જુઠું બોલી પ્રારંભમાં ઇચ્છિત લાભ મેલવી શકે પણ અંતે જ્યારે તેનું જુઠું વચન સમજવામાં

**અસત્ય બોલવાથી વિશેષ હાનિથાય છે.**

આવે છે ત્યારે સમજણી તેના ઉપરથી પ્રતીતિ ઉઠી જાય છે. ફરી તે સત્ય વચન બોલે છે તો પણ લોકો

તેનો વિશ્વાસ રાખતા નથી. અસત્યવક્તા પોતાના આત્માને પણ છેતરે છે અને અન્યના આત્માને પણ છેતરે છે. અસત્ય બોલવાથી કોઈ પણ ધર્મની ઉત્પત્તિ દેખાતી નથી. અહો આ જગતમાં અસત્ય જે પુરૂષો બોલતા નથી તેને ધન્યવાદ ઘટે છે. જે પુરૂષો સત્ય બોલે છે તે જગતને ઉચ્ચ કરવામાં મહામહેનત કરે છે. જે જીવો સત્ય બોલે છે તેજ તેમનું ખરેખર ઉચ્ચ ચરિત્ર છે. સત્ય વચન બોલનારની તીવ્રવૃત્તિ એવી હોય કે તેના પ્રતિ સર્વ જીવોનું આકર્ષણ થાય છે. જ્યાં ત્યાં હાલ પણ સત્ય બોલનારની પ્રતિષ્ટા જામી રહી છે. યોગપાંતજલ દર્શનમાં લખ્યું છે કે—જે યોગી સત્યવ્રતને સાધે છે તે પુરૂષને વચન સિદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેથી જે બોલે છે તે પ્રમાણે સર્વ થાય છે. ધન્ના શેઠની પાંચશેરી સત્ય બોલવાથી પાછી પોતાને ઘેર આવી. જેમ જે સત્ય બોલે છે તેની પાસે સર્વ સંપદાઓ આવે છે.

સત્યભાષા શું છે તેનો સિદ્ધાંતાનુસાર નિર્ણય કરવામાં આવે છે. જે ભાષાનું સ્વરૂપ જાણતો નથી તે ભલેને મૌન રહે તો પણ તે મૌની નથી. તે સંબંધી સિદ્ધાંતમાં કહ્યું છે કે—

**वयण विभत्ति अ कुसलोवओगय बहुविहं अयाणंतो**
**जइवि न भासइ किंचीनचेववयगुत्तयं पत्तोति ॥ १ ॥**

જો બોલનારને ભાષણ કરતાં દોષ લાગે તો મૌન રહેવું જોઇએ, આ વાક્યના ઉત્તરમાં આચાર્ય કહે છે કે—મૌન કરતાં પણ દોષ છે અને વિશુદ્ધિવડે લાંબા વખત સુધી બોલતાં છતાં પણ ધર્મદાન ઉપદેશ આદિથી ગુણજ છે કે—

**वयण विभत्ति कुसलो वओगयं बहुविहं वियाणंतो**
**दिवसंपि भासमाणो तहावि वयगुत्तयं पत्तोत्ति ॥ २ ॥**

ભાષાના ચારભેદ છે. નામભાષા, સ્થાપના ભાષા, દ્રવ્ય ભાષા, અને ભાવ ભાષા—ભાષા પણ પુદગલ દ્રવ્ય છે. જીવ સ્થિત એવાં ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે પણ ગમન પરિણામવાળાં અસ્થિત ભાષા દ્રવ્યને ગ્રહણ કરતો નથી. જીવ જે સ્થિતભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે તે દ્રવ્યાદિક ચાર ભેદથી જાણવાં. દ્રવ્યથી અનંત પ્રદેશી પુદ્ગલસ્કંધ ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે. કાલથી એક સમય સ્થિત ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે, યાવત્ અસંખ્યેય સમય સ્થિતિક ભાષા દ્રવ્યને પણ

કરે છે. કારણ કે પુદ્‌ગલોનું અસંખ્યકાલ પર્યંત પણ અવસ્થાન છે. ભાવથી વર્ણગંધ રસ અને સ્પર્શમય ભાષા પુદ્‌ગલોને જીવ ગ્રહણ કરે છે. સમુદાયની વિવક્ષાએ નિશ્ચય પાંચવર્ણ બે રસ વગેરે હોય છે. કાલો વર્ણ વગેરે પણ એક ગુણ કાળો યાવત્ અનન્ત ગુણ કાળો વગેરે સમજી લેવું. સ્પર્શ સંખ્યા આશ્રયી ગ્રહણ દ્રવ્યની અપેક્ષાએ કેટલાંક બે સ્પર્શવાળાં છે પણ એક સ્પર્શવાળાં નથી કારણ કે એક પરમાણુમાં પણ અવશ્ય બે સ્પર્શનો સંભવ છે.

આત્માના પ્રદેશોની સાથે સંગત એવાં અર્થાત્ સ્પર્શાયલાં ભાષા દ્રવ્ય પુદ્‌ગલોને આત્મા ગ્રહણ કરે છે. આત્માના પ્રદેશોની સાથે એક ક્ષેત્ર અવસ્થિત ભાષા દ્રવ્યને આત્મા ગ્રહણ કરે છે. આસન્નતા આદિ આનુપૂર્વી વિશિષ્ટ ભાષા દ્રવ્યને આત્મા ગ્રહણ કરે છે. પરદિશાથી આવેલાં ભાષા પુદ્‌ગલોને આત્મા ગ્રહણ કરે છે. ભાષા બોલનાર અવશ્ય ત્રસનાડીમાં સ્થિત હોય છે--તેથી ભાષકોને ષડ્‌દિગ્‌ગત પુદ્‌ગલોનું ગ્રહણ સંભવે છે

આત્મા કેવાં પુદ્‌ગલ ગ્રહણ કરે છે અને કેવાં કાઢે છે તે બતાવે છે.

કોઇ નિરોગતાદિ ગુણ યુક્ત તીવ્ર પ્રયત્નથી આદાન અને નિસર્ગવડે ભિન્ન ખંડખંડ કરેલાં દ્રવ્યને કાઢે છે. કોઈ વ્યાધિગ્રસ્ત મંદ પ્રયત્નવાળો વક્તા તથા ભૂત સ્થૂલ ખંડવાળાં ભાષા દ્રવ્ય દ્રવ્યને મૂકે છે. ભિન્ન ભાષા દ્રવ્ય છે તે સૂક્ષ્મ અને અને બહુ હોય છે, તેથી અન્ય દ્રવ્યથી વાસિત થવાથી અનંતગુણ વૃદ્ધિયુક્ત હોય છે અને તે છ દિશામાં લોકાન્ત વ્યાપ્ત થાય છે. અભિન્ન ભાષા દ્રવ્ય છે તે સંખ્યાતા યોજન જઇ શબ્દ પરિણામનો ત્યાગ કરે છે

ભાષા દ્રવ્યનો અવયવવિભાગ પાંચ પ્રકારનો છે—૧ ખંડ ભેદ ૨ પ્રતરભેદ ૩ ચૂર્ણિકાભેદ ૪ અનુતટિકા અને પંચમ ઉત્કારિકા ભેદ છે, એ પંચ પ્રકારના ભેદ પણ પશ્ચાનુપૂર્વીએ અનંત અનંતગુણ અધિકારી જાણવાં.

તાલ્વાદિ પ્રયત્ન વિશેષથી ઉચ્ચરિત તત્ દ્રવ્યોવડે તત્પ્રાયોગ્ય વાસના યોગ્ય દ્રવ્યોને પરાઘાત થાય છે---દ્રવ્યો ભાષાને ઉપયોગ પૂર્વક મૂકવાથી ભાવભાષાત્વ કહેવાય છે. ઉપયોગ પૂર્વક મૂકાય છે તે ભાવ અને ઉપયોગવિના મૂકાય છે તે દ્રવ્ય ભાષા જાણવી. હવે ભાવભાષાના ભાષા ભેદે છે.

**भावेवि होइ तिविहा दव्वे अ सुए तहा चरित्ते य**
**दव्वे चउहा सच्चा सच्चा मीसा अणुभयाय ॥ १९ ॥**

ભાવનિક્ષેપમાં પણ ત્રણ પ્રકારની ભાષા છે. દ્રવ્યમાં, શ્રુતિમાં અને ચારિત્રમાં. અર્થાત્ દ્રવ્ય, શ્રુત અને ચારિત્ર આશ્રી ત્રણ પ્રકારની ભાષા છે. દ્રવ્ય આશ્રી પણ ભાષાના ચાર ભેદ પડે છે. **૧ સત્યભાષા ૨ અસત્યભાષા મિશ્ર અને અસત્યા મૃષા.**

અવધારણ શક્ય પ્રથમ બે ભાષા છે, તેથી તે પર્યાપ્તિ કહેવાય છે. છેલ્લી બે અપર્યાપ્ત કહેવાય છે. વ્યવહાર નયથી ચાર પ્રકારની ભાષા જાણવી અને નિશ્ચયનયથી સત્ય અને અસત્ય એ બે પ્રકારની ભાષા જાણવી. નિશ્ચયનયથી છેલ્લી બે ભાષા છે તેનો આદ્યની બે ભાષામાં સમાવેશ થાય છે. આરાધનાની અપેક્ષાએ ચતુર્વિધ વિભાગમાં પરિભાષા જછે. નિશ્ચયથી તો આરાધક અને અનારાધકની અપેક્ષા એ બે પ્રકારની ભાષા છે. વસ્તુતઃ વિચારતાં માલુમ પડે છે કે ભાષાનિમિત્ત એવા શુભ અને અશુભ સંકલ્પમાં આરાધકપણું અને અનારાધકપણું છે. ભાષાનું આરાધક વા વિરાધકપણું નથી. ચાર પ્રકારની ભાષા બોલતાં આરાધકપણું છે. સમ્યક્ પ્રવચન માલિન્યાદિ રક્ષણમાં તત્પરતાવડે ચાર પ્રકારની ભાષા બોલતાં આરાધકપણું જ છે.

સત્ય ભાષા દશ પ્રકારની છે.

જનપદસત્ય, સમ્મત સત્ય, સ્થાપના સત્ય, નામસત્ય, રૂપસત્ય, પ્રતીત્યસત્ય વ્યવહાર સત્ય, ભાવ સત્ય, યોગ સત્ય, ઔપમ્ય સત્ય.

કોકણ દેશમાં પિચ્ચ શબ્દથી પયનું જ્ઞાન થાય છે, તે જનપદ સત્ય ભાષા જાણવી. પંકજ શબ્દથી કમળનું ગ્રહણ થાય છે તે સમ્મત સત્ય ભાષા જાણવી. પંકજશબ્દથી દેડકાંનું ગ્રહણ થાય છે તોપણ સર્વનો પ્રતિહાર કરી રૂઢીથી કમલનું ગ્રહણ કર્યું. જિનપ્રતિમામાં જિનનો વ્યવહાર કરવો તે સ્થાપના સત્ય જાણવું. ધન રહિત એવો પણ ધનપતિ બોલાય તે તે નામ સત્ય જાણવું. યતિશબ્દનો તેના રૂપવત્પણામાં ઉપચાર કરવો તે રૂપ સત્ય ભાષા જાણવી. એક ફલ છે તે અન્ય ફળની અપેક્ષાએ આણુ છે તેમજ અન્ય ફળની અપેક્ષાએ મોટું છે તેમજ અનામિકા કનિષ્ઠની અપેક્ષાએ લાંબી છે અને મધ્યમાની અપેક્ષાએ ટુંકી છે ઇત્યાદિ દૃષ્ટાંત સિદ્ધ પ્રતીત્ય ભાષા જાણવી. નદી પીવાય છે. પર્વત બળે છે, ભાજન ગળે છે, અનુદરા કન્યા છે ઇત્યાદિ વ્યવહાર ભાષા. જાણવી વસ્તુતઃ જોતાં નદીમાં રહેલું જલ પીવાય છે, પર્વત ઉપર રહેલાં તૃણ બળે છે. ભાજનમાં રહેલું જળ ગળે છે, ઇત્યાદિ જગત્માં વ્યવહાર થાય છે, માટે તે વ્યવહાર સત્ય ભાષા જાણવી. સત્ અભિપ્રાય પૂર્વક કહેલી ભાવ સત્ય ભાષા જાણવી. જેમ પારમાર્થિક કુંભ જણાવવા નિમિત્તે કહેલ કુંભ શબ્દ તથા ધોલી બગલી વગેરે દૃષ્ટાંતો જાણવા. વસ્તુમાં જે વસ્તુના યોગે ઉપચાર થાય છે, તે યોગ સત્ય ભાષા જાણવી. ઉદાહરણ જેમ છત્રી, કુંડલ, દંડી વગેરે છત્ર કુંડલ અને દંડનો ઉપચાર કરી છત્રી કુંડલ દંડી વગેરે ભણાય છે. ઉપમાથી જે વસ્તુ કહેવાય છે તે ઉપમા સત્ય ભાષા જાણવી--ચંદ્રમુખી સ્ત્રી—સિંહસમાન પુરૂષ; ઇત્યાદિ ઔપમ્ય સત્યના ભેદો જાણવા.

( અપૂર્ણ. )

# જૈનધાર્મિક જ્ઞાન.

(લિખક. ઉમેચંદ દોલતચંદ બરોડીઆ. બી. એ. મુંબઈ.)

( અંક અગીઆરમાના પાને ૩૪૮ થી અનુસંધાન )

આવી જૈનશાળાઓમાં મોટી ઉમરના ભાઈઓ તથા બ્હેનો પણ ભાગ લે ને અને સાસ્ત્રાભ્યાસ કરે તો ખરેખર તેઓને તથા કોમને અમુલ્ય લાભ મળે. આપણી જૈન શાળાઓમાં આપણા ધર્મ પુસ્તકોની સાથે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓ પણ સારી રીતે સંપૂર્ણ શીખવવી જોઇએ. વિશેષમાં દરેક વર્ષે ત્યાં પરીક્ષા થવી જોઇએ ને પરીક્ષા વખતે હરીફાઇ કરાવનારી સ્કોલરશીપો લાલાકને હુંશીઆર વિદ્યાર્થીઓને અપાવી જોઇએ.

હાલમાં દરેક વિદ્વાન લખે છે ને બોલે છે કે વ્યાવહારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણીની ઘણી અગત્યતા છે. કારણકે ધાર્મિક જ્ઞાન મનુષ્યના મગજ ઉપર સન્નીતિનો તથા સારા સારા સંસ્કારોનો પટ બેસાડે છે. આ ધાર્મિક કેળવણી આપવાનું મુખ્ય સ્થળ તો ઘર છે. માબાપો જેવું શિક્ષણ પોતાના બચ્ચાંઓને આપે છે તેવું ભાગ્યેજ કોઇ શિક્ષક આપતો હશે.

મારે અત્રે કહેવું જોઇએ કે અત્યાર સુધી જૈન કોમમાં ધાર્મિક કેળવણી સારી રીતે વૃદ્ધિ પામી નથી. જે પામી છે તેપણ પરભાષા રૂપ થયેલ માગધીભાષાના સૂત્રો ભાગ્યાં તૂટ્યા અર્થજ્ઞાન સાથે સાંપ્રતકાળમાં મોઢે કરવામાં સમાઇ જાય છે. માગધી વ્યાકરણ અને સાહિત્યના જ્ઞાન વાળો જૈન જવલ્લે દૃષ્ટિ મર્યાદામાંજ આવે છે. વળી સંસ્કૃત ભાષા જ્ઞાન પણ આપણામાં હાલ અલ્પ જ છે. હજારો અમૂલ્ય પુસ્તકો નો ઉદ્ધઈથી નાશ થઈ ગયો, પણ આપણી જ્ઞાનચક્ષુઓ ઘણાકાળ સુધી મીંચાએલી જ રહી, પણ હવે નવીન ઉદાર વિચાર રૂપી સૂર્યનાં કિરણો સ્ફુરવા લાગ્યા છે, અને આપણી આશા પણ ઉત્તેજિત થઇ છે, અને જુનો વ્હેમ પોતાની પાની પાછી ફેરવતો લાગે છે. આને લીધે જૈનબાળકોને ધાર્મિક જ્ઞાન મેળવવામાં સખી શેઠીઆ વર્ગ મદદ કરવા લાગ્યો છે તે જોઇ મન પ્રફુલ્લિત થાય છે. ભિન્ન ભિન્ન સ્થળે જૈન પાઠશાળાઓ સ્થપાયેલી નજરે પડે છે. બાબુ પનાલાલની જેવી વ્યાવહારિક સ્કુલો પણ સ્થાપવા તરફ આપણું મન વળ્યું છે આવી સ્કુલોમાં જૈન ધાર્મિક જ્ઞાન ઘણી સુગમતાથી આપી શકાય ને અપાય છે.

પણ એક અફસોસની વાત છે કે આપણને આવા જાહેરખાતાં ચલા-

વતાં આવડતાંજ નથી. આવા ખાતાં ઉઘાડતાં વખતે એવો વિચાર કરવાનો છે કે તેઓ હંમેશને માટે ચાલશે કે કેમ તેના ખર્ચ માટે પૈસા મળશે કે કેમ અથવા લાયક પુરુષો નીમાશે કે કેમ? ખર્ચ માટે તો એવી રકમ જોઇએ કે જેના વ્યાજમાંથી તેવાં ખાતાઓનો ખર્ચ ઉપડી શકે. આવી રીતનો બંદોબસ્ત કર્યો હોય તોજ આપણી જૈન શાળાઓ સ્થિરતા—દૃઢતાને પામે, નહિ તો આંગુી ઉપર ઉભના મિનારાની માફક ક્યારે પડશે ક્યારે પડશે તેની જ વાટ જોયા કરવી પડે. શાળાઓ વિ. માટે લાયક મનુષ્યોની શોધ કરવી જોઇએ. આપણા સાધર્મીઓને પ્રથમ હક આપવો જોઇએ, જો તેવા ન મળે તો પછી લાચાર. પણ કહેવત પ્રમાણે ન થવું જોઇએ કે વાણીઆ ભાઇ શરૂઆતમાં શૂરાને પછી ઢીલા. આવા ખાતાંઓના વહીવટ કરનારાઓ ઉચ્ચ ગુણના શાંત સ્વભાવી હોય તોજ સારા પરિણામની આશા રાખી શકાય. બીજી અફસોસની વાત એ છે કે આપણા ધર્મનાં તત્વો બાળકો સહેલાઇથી સમજી શકે તેવી સરળ ભાષામાં થયેલી એક ગ્રંથમાળા નજરે પડતી નથી. જૈન ધર્મની ફિલસુફી, ક્રિયા કાંડો તથા કથાઓનું સવિસ્તર વર્ણન આવી ગ્રંથમાળા આવવું જોઇએ પણ આ એક મોટી ખોટ કોણ પૂરી પાડે? કેટલાક ઉદ્યમી વિદ્વાનો પ્રયાસ કરતા હોય તો પણ ઉત્તેજનને માટે નિરાશાજ. ક્રમવાર અભ્યાસ કરવાની ખોટ જેમ બને તેમ વ્હેલી પૂરી પડવી જોઇએ.

ધાર્મિક કેળવણી આપીને આપણે ભિન્ન ભિન્ન ધર્મોને લડાવી મારવાના નથી. પરસ્પર દ્વેષ, વિરોધ ઇર્ષ્યા વિ. થી જુદા જુદા ધર્મોને ઉશ્કેરવાવા નથી. આવો કનિષ્ટ વિચાર દૂર કરી ધાર્મિક જ્ઞાનથી આપણું હૃદય કેવું કોમળને નરમ બને છે તથા ધાર્મિક જ્ઞાનથી આપણે અખિલ સૃષ્ટિમાં કેટલે દરજ્જે કેવો સંબંધ ધરાવી છીએ તેનો પૂર્ણ વિચાર કરી ધાર્મિક જ્ઞાનથી થતા ફાયદા તરફ આપણું લક્ષ ખેંચવું જોઇએ.

ધાર્મિક જ્ઞાન મેળવવાનો ઉચ્ચ આશય તો એ છે કે પોતાના ધર્મનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી પછી બીજા ધર્મો પણ સારી રીતે શિખી સ્વધર્મને પરધર્મને સરખાવી સાર ગ્રહણ કરવાનો છે.

આપણા એક મહાત્માએ લખ્યું છે કે.

**न मे भ्राता महावीरो न द्वेषो कपिलादिषु**
**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः**

આ શ્લોક શું શિખવે છે. તે કહે છે કે મહાવીર કાંઇ મારા ભાઇ નથી, કપિલાદિ ઉપર કાંઇ મારો દ્વેષભાવ નથી, પણ જેનું જેનું વચન યુક્તિ-

વાણું—સત્ય લાગે છે તેનો તેનો સ્વીકાર કરવો જોઇએ, આમ જુદા જુદા ધર્મોનો અભ્યાસ કરી તેઓને સરખાવવામાં બિલકુલ હાનિ નથી તેથી કાંઇ આપણે સ્વધર્મ ભ્રષ્ટ થઇ જવાના નથી પણ પૂર્ણ અભ્યાસ કરી પૂર્ણ વિચાર કરવાની અગત્યતા છે ને તેથી આપણા ધર્મની ઉત્કૃષ્ટતા સિદ્ધ પણ થઇ શકે તેમ છે.

પણ ઘણી દીલગીરી ઉપજાવે તેવી એક વાત એ છે કે આપણી જૈન શાળાઓમાં ઘણું ખરૂં પોપટીઉં જ્ઞાન મળે છે.

'પોપટ પઢો ' બોલી પોપટને જે આપણે શિખવીએ છીએ તેમાં ફાયદો કોને ! આપણા મનમાં પોપટને મનુષ્ય ભાષા બોલતો જોઇ આશ્ચર્ય સાથે ખુશાલી ઉપજે છે. પોપટને તો બોલવાના શ્રમ સિવાય બીજો ફાયદો બિલકુલ મળતો નથી. ઉભયને આ ક્રિયાનું ફલ અનિષ્ટ જ છે.

'મા બા ' બોલતા નાનું બાળક પણ મા બાને ઓળખે છે આ સાધારણ બાબત આપણને કેટલો ઉપદેશ કરે છે તે લક્ષમાં તો કોઈ રાખતું નથી. આપણાં બાળકોને જે પોપટીઉં જ્ઞાન આપવામાં આવે છે તેને માટે તો શિક્ષક અને શિષ્ય બંનેનો નિષ્ફળ પ્રયત્ન જ છે. પ્રતિક્રમણ અર્થ વગર ગોખી મોઢે કરવામાં કોઇ પણ ફાયદો દૃષ્ટિગોચર થતો નથી. કોઇ કહેશે જે પ્રતિક્રમણનો એક શબ્દમાત્ર આપણને—જીવાત્માને સુધારી પુણ્ય પ્રાપ્ત થાય છે આવો વિચાર કેટલે અંશે સત્ય છે. તે તો મહાન્ પ્રશ્ન છે. પણ અર્થ વગરનો શબ્દ કોઇ પણ લાભ જીવાત્મા ઉપર કરે તે તો વિદ્વદ્‌જનોથી માન્ય નહી થાય. પારકી ભાષાનું કોઈ પણ વાક્ય ગોખી મોઢે રાખવામાં કોને ફાયદો થયો ? આપણા સૂત્રો પ્રાકૃત ભાષામાં છે તે ભાષા જાણનારા આપણામાં બહુ વિરલાજ મનુષ્યો છે. આપણી કોમનો મોટો ભાગ સંસ્કૃત અને પ્રાકૃત એ બંને ભાષાથી અજ્ઞાન છે. ભાષાજ્ઞાન વિના ભાષા શિખનારથી અશુદ્ધ ઉચ્ચાર કરી પવિત્ર મંત્રનો વિપરીત અર્થ થઇ જાય તેનો દોષ કોને ? અભણ મનુષ્યો તો કહેશે અમે શું કરીએ ! આમને આમ પોપટીઉં જ્ઞાન ક્યાં સુધી ચાલશે ! અભણ બ્રાહ્મણથી શ્રાદ્ધ તર્પણાદિના મંત્રો ભણી અશુદ્ધ ઉચ્ચારથી ઉંધો બેસી જાય તે ઉપર આપણે શું હસતા નથી ! પણ પારકાં છિદ્ર સર્સવ જેટલાં સૂક્ષ્મ હોય તો પણ આપણે તો તેને બિલ્વ ફળ જેવડું રૂપ આપીએ પણ આપણાં બિલ્વ ફળ જેવડા દોષોને સરસવનું રૂપ આપીએ છીએ. અરે ભાઇઓ આપણા પગ નીચેજ અગ્નિ બળે છે તે તો જુઓ. ઠીક ચાલો. ત્યારે આગળ વધીએ આપણું તીર્થ પ્રવર્તાવનાર શ્રમણ ભગવાન્

મહાવીર સ્વામી પણ તે વખતે બોલાતી અર્ધ માગધી ભાષામાં વ્યાખ્યાન આપતા હતા તેનું કારણ શું !

આપણા તીર્થંકર ભગવાન્ એક બે વિદ્વાન્ પુરૂષોને સંસારમાં ઉપદેશ દઇ અલ્પ લાભ મેળવવા કરતાં તે વખતે ચાલતી બધા સમજી શકે એવી ભાષામાં વ્યાખ્યાન દઈ સર્વ સમાજના ઉપકારક થતા હતા. વૃદ્ધ, બાળક અને સ્ત્રીઓ શુદ્ધ ઉચ્ચાર કરી શકતા અર્થ સમજી શકતા. અર્થ સમજ-ણથી શ્રદ્ધામાં વૃદ્ધિ થતી, શુદ્ધ પરિણામવાળાં મન થતાં અને આત્મા ઉપરને મન ઉપર સારી અસર—છાપ પડતી. તે વળી ધર્મનું રહસ્ય આંતર સ્વરૂપ બધા સમજતાં, પણ શોકજનક સ્થિતિ આપણી હાલમાં બની ગઇ છે. અત્યારે તે પાછલા જમાનાની આપણી જાહોજલાલી સર્વ આપણા ઉદારમન—આ-પણા કોમળ શુદ્ધ અંતકરણ—તે સર્વે ક્યા ગયા. ?

શું રહ્યું છે ત્યારે આપણી પાસે ? અર્થ કે કંઇ નહિ, અનર્થ જ સર્વત્ર માલુમ પડે છે. પવિત્ર મંત્રોનો ઉચ્ચાર કરતાં આપણું મન ચકડોળે ચડતું હોય એમ લાગે છે. નાના પ્રકારના અપ્રાસંગિક સાંસારિક દુષ્ટ વિચારો આ-મનમાં પ્રવેશ કરે છે. આપણી દૃષ્ટિ પ્રભુ પ્રતિમા ઉપર નહિ, આપણા અં-તરાત્મા ઉપર નહિ આપણા આખા દેવાલય—અપાસરા વિગેરેમાં આજુબાજુ સરેલી વસ્તુઓમાં—પરભાવમાં ભમે છે ને આપણી ટેવાયલી જીભ્હા ને મુખ એંજીનની ઉતાવળી ગતિથી પોતાનું કાર્ય બજાવે છે, શ્રદ્ધા ઉડી જાય છે, વિનય નષ્ટ થાય છે. એતો હે બાઇઓ ! સત્ય કહી ગયા છે આપણા આચાર્યો કે ‘ જ્ઞાન વિના ક્રિયા કરી કાશ કુસુમ સમાન.’ આપણા ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીનો ઉપર લખેલ ઉદ્દેશ નહીં સમજનાર સિદ્ધસેન દિવાકર આ-ચાર્યને તેમના ગુરૂજીએ સંઘ બહાર મુકયા હતા. કારણ કે તે વખતે સહેલી લાગતી—(બોલવામાં અને સમજવામાં) પ્રાકૃત ભાષામાં રચેલાં આપણાં પવિત્ર સુત્રોનું અઘરી સંસ્કૃત ભાષામાં ભાષાંતર કરનારને આ ફળ મળ્યું. ગુરૂજીએ જાણ્યું કે વૃદ્ધ પુરૂષો, બાળકો અને સ્ત્રીઓ સંસ્કૃત ભાષા સહેલાઇથી બોલી તથા સમજી નહિ શકે તેથી તેઓએ સ્વશિષ્યને સંઘ બહાર કર્યો. ભગવાન્ મ-હાવીર સ્વામીનો ઉત્તમ આશય આપણે જાળવી રાખવો એ આપણી ફરજ છે. તે આશય તો એજ છે કે જનસમાજને અનુકૂળ—જેનો અર્થ તરત સમજાય—જેનો ઉચ્ચાર કરતાં વારજ અર્થ ધરાય—તેવી ભાષામાં—એટલે પોતાની માતૃભાષામાં આપણા સુત્રો જોઇએ. જો આપણા પ્રતિક્રમણ સુત્રો હાલની ચાલતી ભાષામાં મુકાય તો અમૂલ્ય ફાયદો થાય એ નિર્વિવાદ વાત

છે. પણ છેવટે અર્થ સહિત સૂત્રો શિખાય તોપણ હાલને માટે એટલું બસ છે. જો આમ થાય તો જ્ઞાનવૃદ્ધિ સાથે આપણી સમજણ તથા ક્રિયા દેવી હંમેશ પ્રફુલિત મનથી ક્રિયા કરનારને સારૂં ફળ આપ્યા વિના રહેશેજ નહિ. અને જે આપણે ક્રિયાઓ ઉપર હાલમાં આક્ષેપ મુકીએ છીએ કે ક્રિયા કાંઇ પણ ફળ આપતી નથી તે આક્ષેપ દુર થશે.

કોઈક એમ કહેશે કે માગધી ભાષાનું અધ્યયન પછી તો કોઇ કરશેજ નહિ. (જો સૂત્રો આપણી માતૃભાષામાં રૂપાંતર થાય તો) તેવા લોકોને એટલોજ ઉત્તર બસ છે કે હાલ માગધી ભાષા શીખે છે કેટલા ? જે જે ઉદ્યમી ખંતીલા ને જ્ઞાન રસિક વિદ્વાનો છે તે તો પોતાનો ઉદ્યમ તજશે જ નહિ. વળી સંસ્કૃત ભાષાના ઘણા પુસ્તકોના અંગ્રેજીમાં તથા ગુજરાતી વિગેરે ભાષામાં ભાષાંતર થયા તેથી કાંઈ સંસ્કૃત ભાષા શિખનારાની સંખ્યા ઓછી થઇ ગઇ અથવા તો સંસ્કૃત ભાષાને કાંઇ નુકશાન થયું કે ? ઉલટું સંસ્કૃત ભાષાની ખુબીની પ્રશંસા દિવસે દિવસે વધતી જાય છે અને તેના ભણનારાઓની સંખ્યા પણ અધિક થતી જાય છે, તેવીજ રીતે આપણી માગધી ભાષાના ઉપાસકો તો પોતાનો કાલ વ્યર્થ નહીં ગુમાવે ને વળી તે ભણનારાની સંખ્યામાં ઉમેરો થશે. પ્રતિક્રમણના બધા સૂત્રો આપણી માતૃભાષામાં હોય તો શ્યા શ્યા લાભ થાય તેનો એક ઉત્તમ દ્રષ્ટાંત આપણને પ્રતિક્રમણ કરતી વખતે જ મળે છે. જ્યારે પ્રતિક્રમણ કરતી વખતે મોટા અતિચાર બોલાય છે ત્યારે આપણે કેટલી શ્રદ્ધાથી, કેટલા ધ્યાનથી કેટલા ઉલ્લાસથી તે સાંભળવા ઇંતેજાર થઇએ છીએ અને તે વખતે આપણા મન ઉપર કેટલી ઉંડી અસર થાય છે તેનો અનુભવતો દરેક જૈન ભાઇઓ ને હશેજ. આનું કારણ શું ? માત્ર તેજ કે આપણા મોટા અતિચાર આપણી માતૃભાષામાં હોવાથી આપણે સમજીએ છીએ.

---

# જૈન ધાર્મિક જ્ઞાન, જ્ઞાનથી થતા ફાયદા. જ્ઞાનનું માહાત્મ્ય.

(લેખક શા. ડાહ્યાભાઇ ઇશ્વરદાસ. મુંબાઈ)

( અંક અગીઆરમાના પાને ૩૫૨ થી અનુસંધાન. )

જાપાને આપણા દેશની માફક સ્ત્રીઓને પાછળ અને પાછળ રાખવાની ગંભીર ભૂલ કરી નહીં, તેમજ પશ્ચિમના કેટલાક દેશો પેઠે સ્ત્રીને Fair sex

(સુંદર કોમળઅનની) ગણીને હદ કરતાં વિશેષ માન પણ આપ્યું નહીં. જાપાનીઓએ સ્ત્રીઓને મન અને તનની કેળવણી આપી અને જાપાનીઝ માતાઓને ખરેખરી સુશિક્ષિત બનાવી દેશાભિમાન, શુરત્વ, ઉદારતા અને ખરી સુજનતાના પાઠો દરેક જાપાનીઝ સ્ત્રીઓ જાણે છે. માટે દરેક માતાઓએ પોતાની જે ફરજો વીશે અવશ્ય વિચાર કરવો જોઈએ, તેણે જાણવું જોઇએ કે પોતાનું બાલક આખા દેશને સમાજને અને માનવજાતીને ઉપયોગ થઇ પડે એવું બનાવવાની ગંભીર ફરજ પરમેશ્વર તરફથી તેમને સોંપાયલ છે. પોતાના સારા કે માઠા ગુણો પોતાના બાળકમાં વીના શીખવે પણ ઉતરવાના છે કારણ કે એક ઠેકાણે મે વાંચ્યું હતું કે એક ભણેલી અને કેળવાયલી સ્ત્રીને જો વીશ છોકરા હોય, અને તે વીશ છોકરાની પછવાડે ફક્ત એક જ માસ્તર જો શીખવાડવાને હોય, અને એક અભણ સ્ત્રીને જો ફક્ત એકજ છોકરો હોય તેને જો (૨૦) માસ્તર શિક્ષણ આપે તો ઉપર લખેલી ભણેલી અને કેળવાયલી સ્ત્રીના વીશ છોકરાની બરાબર એક અભણ સ્ત્રીનો છોકરો કદી પણ બરાબરી કરી શકનાર નથી. માટે જો સ્ત્રી ભણેલી અને કેળવાયલી હશે તો તેના છોકરા પણ ભણેલાં અને કેળવાયલાં નીવડશે. બાળકોને જન્મ થવાથી માતા અને પિતા બહુ આનંદમા આવી જાય છે, પણ પોતાને માથે એક પવિત્ર આત્માની સંભાળ રાખવાની જવાબદારી પ્રભુએ મુકી છે એનો પણ વિચાર કરતા જણાતા નથી. ઘણા માબાપો આવી મોટી ભુલ કરે છે. જેઓ આ સંબંધી કશો વિચાર કરતા નથી તેઓ કર્તવ્યોલંઘનનું મહા પાપ કરે એટલું જ નહી પણ ન્યાયની નજરેથી જોતાં તો તેમને માતા પીતા થવાનો પણ હક નથી. બાળકને નાનપણથી જે ટેવો પડી તેજ મોટપણે રહેવાની. અને નાનપણમાં સારી કે નઠારી ટેવ પાડનાર માતાછે. બીજા બધા દેશો કરતાં આપણાં દેશની સ્ત્રીઓ ઘણીજ અભણ હોવાથી છેક પડતી સ્થીતિમાં આવ્યો માટે માતાઓનું મુખ્ય કર્તવ્ય બાળકને સારી રીતે કેળવવાનું છે. નાનપણથીજ બાલકને શારીરિક શીક્ષણ આપવાની પેલી ફરજ છે. આપણા બાલકોના શરીર નબળા દુર્બલા થઈ ગયા છે તેનું કારણ એ છે જે કે નાનપણથી તેમને શારીરીક કેળવણી મલતી નથી. બીજું બાળકને નાનપણથીજ એમના કોમળ અંતઃકરણમાં પોતે સારી રીતે ચાલીને સત્ય શીલતા પરોપકાર, આત્મ સંયમન, દયા, ઉદારતા, અને સૌ પ્રત્યે સમાન પ્રેમ એ ગુણો પોતાના અંતઃકરણમાં ઉતારવા જોઇએ. વિદ્યા અને જ્ઞાન પરમાત્માભિમુખ થવાના મુખ્ય સાધનો છે, એ વાત ખરી, પણ આચરણ વિનાનું જ્ઞાન કેવલ શુષ્ક જ્ઞાન છે. માટે જ્ઞાન સાથે

તે પ્રમાણે આચરણુ હોવાં જોઇએ. આચાર સાથેનું જ્ઞાન તે જ ખરૂં જ્ઞાન છે. એવું જ્ઞાનજ આત્મ વિકાસ કરી શકે. આપણા જૈન ધર્મમાં મોક્ષના માર્ગમાં સમ્યક્ ચારિત્ર છે એની અંદર પણ સદ્વર્તનના જુદા જુદા પ્રકારો આચરવાની આજ્ઞાઓ છે, તેમાં પણ અહિંસા, સત્ય, અચૌર્ય પ્રભુના ગુણનું કીર્તન પાપથી થતા દુઃખો વગેરે છે. આવી આવી આજ્ઞાઓ દરેક દરેક ધર્મમાં છે માટે માતાઓએ પોતાના બાળકોને નાનપણથીજ આવી આજ્ઞા શીખવવાનું કામ પોતાનું ગણવું જોઇએ. માતાઓએ ઉપર લખેલી આજ્ઞાઓ પ્રમાણે ચાલવું જોઇએ અને પોતાના બાળકોને એ પ્રમાણે ચલાવવું જોઇએ. ઇતીહાસીક દાખલાઓમાં મહાનપુરૂષોના જીવનચરિત્રોમાં પણ માલુમ પડે છે કે શીવાજી તેમજ નેપોલીઅન બોનાપાર્ટનું જીવન ચરિત્રો જેવાથી જણાશે કે તેઓ આ જગતમાં ચીરસ્થાયી કીર્તિ મેળવી શકયા એનું પ્રથમ અને પ્રધાન કારણ તો એજછે કે નાનપણમાં તેમને માતા તરફથી એવું ઉંચ શીક્ષણ મળેલું. તેમની માતાઓના ચરિત્રો પણ અનુકરણીય હતાં. આપણી બેનોએ પણ એમના ચરિત્રો વાંચીને મનન કરવા જોઇએ, અને પોતાનું જીવન તે પ્રમાણે ઘડવા સતત પ્રયત્નશીલ થવું જોઇએ એજ આપણા ભાવિ ઉત્કર્ષનું મુખ્ય સાધન છે. માટે પહેલા વહેલાં સ્ત્રીઓને જ્ઞાન સંપાદન કરાવવાની જરૂર છે. કારણ એક દુનીયાનું રાજ્ય ચલાવવાને માટે રાજા તેમજ પ્રધાન બંને સારા ભણેલા તેમજ વિદ્વાન હોવા જોઇએ, તો તેમનું રાજ્ય બરાબર સારી રીતે ચાલી શકે. જો બેમાંથી એક ચડતા અથવા ઉતરતા હોય તો તેમનું રાજ્ય કદી પણ બરાબર જામશે નહિ. તેવીજ રીતિ આઘર રૂપી રાજ્ય ચલાવવાને સ્ત્રીઓ એ પ્રધાન છે અને પુરૂષ એ રાજાછે. જો બેમાંથી એક ચડતા ઉતરતા હશે તો તેમનું ઘર રૂપી રાજ્ય કદી પણ બરાબર ચાલશે નહીં માટે સ્ત્રી આખા ઘરરૂપી રાજ્ય ચલાવવાને જો ભણેલી, કેળવાયલી, સદાચરણી હશે તોજ ઘરરૂપી રાજ્ય યથાયોગ્ય ચલાવી શકસે. માટે ઘર એ માણસોના આચાર વિચારની પ્રાથમિક અને ઘણીજ ઉપયોગી નિશાલ છે. એજ સ્થાન છે કે જ્યાં માણસ પોતાની ખરાબ અગર સારી વ્યવહારને લગતી કેળવણી લે છે. અને એજ ઘર છે કે જ્યાં માણસ જીંદગીપર્યંતના પોતાના ચાલચલણના તત્વો ગ્રહણ કરી શકે છે. કેટલાક લોક એમ કહે છે કે માણસ એની રહેણી કહેણીથી ઓળખાય છે. પણ કેટલાક લોક એમ કહે છે કે તેના મનપરથી માણસ ઓળખાય છે. આપણે કોઇને ન ઓળખતા હોઇએ તો પ્રથમ પુછીએ કે ભાઈ આપ કોના ઘરના છો ? કારણ ઘર છે એ રહેણી કરણી તથા મનને પાલવે છે, એટલુંજ નહી પણ આચાર વિચાર સારો શીખવે છે. ઘરમાં દીલ ખુલે છે, ટેવ પડે

છે, બુદ્ધિ જાગૃત થાય છે, તથા આચાર વિચાર સારા કે નરસા શીખાય છે. કુદરતીનિયમ એવો છે કે પહેલાં ઘરની જીંદગી અને પછી સંસાર જીંદગી અને વળી એવો પણ નિયમ છે કે આચાર વિચાર પહેલાં ઘરમાંજ શીખવા જોઇએ. માટે જે માણસો મોટી મોટી મોટીંગો તથા મોટા મોટા ધર્મ વિષયના ભાષણો ઉભાં કરે છે તે ખરો રસ્તો ઘરમાંથીજ શીખે છે. અને એક પછી એક અનુકરણ કરે છે ઘરમાંથી તેઓ વ્યવહારમાં પડે છે અને બાળકોમાંથી તેઓ એક શહેરી બને છે આ પ્રમાણે ઘરને એક સુધારાની તથા જ્ઞાનની નીશાલ ગણવી જોઇએ કારણકે આખરે પણ સુધારા પછી કેળવણીના સવાલનો નિર્ણય થાય. બાલપણની ચાલચલગત એજ માણસની ચાલચલગતનું મુખ્ય ભાગ્ય દર્શક છે. ઉપર જણાવેલી બધી કેળવણી ખાલી લાલી છે, પણ બાળક એજ માણસનો પીતા છે. જેમ સવાર દીવસને દેખાડે છે તેમ બચપણ માણસ બનાવે છે. બચપણમાંજ મન ઉપર સારી અગર નઠારી અસર થઇ શકે છે. કારણ કે પાંચ વરસમાં બાળકને, જેટલું જ્ઞાન થાય છે તેટલુંજ ભાગ્યે તે આખી ઉમરમાં શીખી રહેતું હશે અને તે નાનપણમાં સારા નઠારા વિચારો પણ ગ્રહણ કરી શકે છે અને હમેંશા નાનપણમાં જે શીક્ષણ હોય તેજ મોટપણમાં રહે છે. બચપણ એ એક આરસી સરખું છે કે જેમાંથી તે બચ્ચાની ભવિષ્યની જીંદગી જણાઇ આવે છે.

સુશિક્ષિત ઘર કે જ્યાં બાળકો પ્રાથમિક કેળવણી લે છે તે જેના હાથમાં કારભાર છે તેની સત્તા પ્રમાણે તે સારો કે નરસો થશે. જે ઘરમાં પ્રેમ મુખ્ય છે, જે ઘરમાં મગજ અને ડહાપણથી અંતઃકરણ કામ કરે છે, જે ઘરમાં હમેંશાની જીંદગી પ્રમાણીક અને સદગુણી છે, અને જે ઘરનો કારભાર ડાહ્યો, માયાળુ અને પ્રેમ ઉપજાવનારો હશે તેજ ઘરમાંથી આપણે તંદુરસ્ત, ઉપયોગી, સુખી, પોતાના માબાપના પગલે ચાલનાર, પ્રમાણિક પણે વર્તનાર, ડહાપણથી કારભાર ચલાવનાર અને પોતાની આસપાસનાને એટલે જ્ઞાતિવાળાઓ તેમજ અન્ય બીજા સન્મિત્ર, તેમ જ બીજા સ્વદેશી મનુષ્યોના કલ્યાણ વધારનાર તરીકે તે આ ક્ષણભંગુર દુનિઆમા તેમજ પરલોકમાં ને અક્ષર કીર્તિને ધારણ કરી શકશે. એથી ઉલટું જે ઘરમાં અજ્ઞાન પણું અને આપ મતલબી પણું હશે તો ત્યાં ઉમરસુધીના તોછડા, અભણ અને તે જ્ઞાનીને તો સહાયભુત કરવાને બદલે માથે પડશે ને નુકસાન પહોંચાડનાર થશે. માટે આપણે આપણી પોતાનીજ ઉન્નતિ, તેમજ જ્ઞાતિની ઉન્નતિ, જે કાંઇ આપણે માગીએ છીએ તે સઘળું જ્ઞાન આપણી માતાનાજ

હાથમાં છે. મેં હમણા કહ્યું તે પ્રમાણે બાળકને શિક્ષણ આપનાર માતાજ છે. ઘરમાંના બધાના અંતઃકરણને આકર્ષણાર માતા એજ લોહચુંબક છે. અને માતાનું વારંવાર ઘરમાં અનુકરણ થાય છે, તેજ બાળકને ઉપદેશ છે. ઉપદેશ કરતાં સહેલાઇથી અનુકરણ આપણે તેમજ બાળકો શિખી શકીએ છીએ. કોઇ પણ આપણને ઉપદેશ કરી તે પ્રમાણે આપણને વર્તવાને કહે તો તે પ્રમાણે આપણે નહીં કરીએ પણ આપણે અનુકરણ તરત કરીશું. છોકરા તથા છોકરીના મન અને ચાલ ચલગત ઉપર બાપ કરતાં મા વધારે અસર કરે છે. કેમકે તેણી જે કરે છે તે સઘળાનું અનુકરણ તેના કોમલ આરસી જેવા ચકચકતા અંતઃકરણમાં વારંવાર જોવામાં આવે છે. ઘર એ સ્ત્રીનો મોટો દેશ છે, એને તેની તે રાણી છે. કુલ મુખત્યારીથી તે ઘરરૂપી રાજ્યનો કારભાર પોતે ચલાવે છે, અને તે જે જે નાની બાબતોનો કારભાર કરે છે તે તેનો કારભાર સઘળો સ્વતંત્ર હોય છે. બાળકો આ વારંવાર જોયા કરે છે, અને તે પ્રમાણે તેઓ અનુકરણ કરે છે. સુખ કે દુઃખ, વિદ્યા, સુધારો કે જંગલીપણું, નીતિ કે અનીતિ મર્યાદા અગર અમર્યાદા, સદ્‌ગુણ અથવા દુર્ગુણ એ બધાનો ઘણે ભાગે ઘરના ખાસ રાજતંત્રમાં સ્ત્રીના સત્તા ઉપર આધાર રહેલો છે, એમ કહેવું ગેરવાજબી નહી કહેવાય. માટે જેમ બને તેમ સ્ત્રીઓ જો સઘળી વાતે સદ્‌ગુણ સંપન્ન હોય તો તેનું બાળક આગળ જતાં એક માહાન બુઝર્ગ નર થાય તેમાં કાંઇપણ શક નથી. બાળક આગળ જતાં કેવું નીવડશે તે ઘર આગળની કેળવણી ઉપર આધાર રાખે છે. ગરીબ ઝુંપડામાં રહેનાર ઘરમાં જો સદ્‌ગુણી, સુશીલ, આનંદી, અને પવિત્ર સ્ત્રી હશે તો તે ઘર એક આનંદી અને સદ્‌ગુણી હશે. તે ઘર જીંદગી પર્યંત જે જે સારા સંબંધીઓ થાય તેનો એક સુશોભિત દેખાવ છે. સારા સારા મહાન્ પવિત્ર મહાત્મા ગુરૂજીઓના દર્શનનો સંબંધરૂપી સત્સંગ થવાથી મનુષ્યને તે સુખાશ્રમ છે.

## મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત

# ચેતન શક્તિ.

---

( અંક અગીઆરમાના પાને ૩૪૦ થી અનુસંધાન. )

## ॥ મૂળ ॥

હંસગામિની સરસ્વતી ઘટ ઘટમાં વ્યાપી,
પરા પશ્યંતી ધ્યાને મનમાં મુનિએ થાપી,
અન્તરમાં ઉદ્યોત સદા તેનાથી થાવે,
શબ્દ સૃષ્ટિનું બીજ યોગીના મનમાં ભાવે,
આદ્ય શક્તિ આતમની છે, જગતમાં જયજય કરી,
બુદ્ધિસાગર બીજ મંત્રે સરસ્વતી ઘટમાં વરી.

સરસ્વતી દેવીનું લૌકિક વાહન હંસ ગણાય છે, માટે તેને અત્રે હંસ ગામિની કહેવામાં આવેલી છે. હંસ એટલે આત્મા, તેને પ્રાપ્ત થનારી વાણી તેને હંસ ગામિની કહે છે. હંસનો અર્થ આત્મા પણ થાય છે તે અપેક્ષાએ હંસપદ–આત્મપદ પ્રાપ્ત કરી આપનારી તે સરસ્વતી દેવી છે. તે સરસ્વતી દેવીરૂપ શ્રુતજ્ઞાન ઘટઘટમાં–દરેક પુરૂષના હૃદયમાં વ્યાપી રહેલું છે. તે આત્માની જ્ઞાનઋદ્ધિને યોગી લોકો પરાધ્યાન અથવા પશ્યન્તીનું ધ્યાન કરતાં મનમાં સ્થાપન કરે છે. તે જ્ઞાનઋદ્ધિવડે હૃદયમાં સદા પ્રકાશ થાય છે. અંધારામાં જોવાને દીપક સાધન છે, ચંદ્ર પણ સાધન છે, ચંદ્ર કરતાં પણ સૂર્ય એ વિશેષ ઉત્તમ સાધન છે.પણ જો દીપક, ચંદ્ર, સૂર્ય વગેરે સાધનો હોય, પણ ચક્ષુ ન હોય તો માણસ શું કરી શકે અથવા શું દેખી શકે ? માટે ચક્ષુ એ જ્ઞાન મેળવવાનું સારૂં સાધન છે. પણ માણસને ચક્ષુ હોય, છતાં તેનું મન ભ્રમિત હોય તો વસ્તુ પાસે છતાં તે જોઈ શકે નહિ, ચક્ષુ કે શ્રોત્ર અથવા બીજી કોઇ પણ ઇન્દ્રિય દ્વારા જે અનુભવ થાય, તેનું જ્ઞાન થવાને મન કારણ છે. પણ તે મન પણ જડ છે. તેને પ્રકાશનાર આત્માનું જ્ઞાન

સ્વરૂપ છે. જો આત્માનું જ્ઞાનસ્વરૂપ ન હોય તો કેવળ જડમન પણ શું કરી શકે ? માટે તે આત્માની જ્ઞાન શક્તિવડે હૃદયમાં પ્રકાશ થાય છે, અને સર્વ વસ્તુઓનું જ્ઞાન આપણને થાય છે. જગતમાં જેટલા શબ્દો છે, જેટલા અક્ષરો છે, જેટલી લિપિઓ છે, તે સર્વનું બીજ જ્ઞાનશક્તિ છે; અને તેથી તે જ્ઞાનશક્તિ યોગીઓને બહુ રૂચે છે. કારણ કે યોગીઓનો પરમ ઉદ્દેશ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો હોય છે. તો પછી આત્માની તે જ્ઞાનશક્તિ ઉપર તેમની રૂચિ થાય એ સ્વાભાવિક છે. અને જેની જ્ઞાન તરફ રૂચિ થાય તે ખરી રીતે યોગ માર્ગનો અધિકારી છે. ભલે ને તે અજ્ઞાની પુરૂષ હઠયોગ માર્ગનો આશ્રય કરે, પણ જેને સહજ સમાધિ અથવા રાજયોગ કહે છે, તેને વાસ્તે જ્ઞાન સિવાય એક પણ પગલું ભરી શકાય તેમ નથી. જ્ઞાનઋદ્ધિ તે પરમાત્માની પ્રથમ શક્તિ છે. આત્માના બધાં સ્વરૂપોમાં જ્ઞાનસ્વરૂપ ઉત્કૃષ્ટ છે; તે જ્ઞાનશક્તિજ આ જગતમાં જયવંતી વર્તે છે. સર્વ ધર્મોનો અથવા આત્મધર્મનો ખરો ઉદ્દેશજ આત્માનું અવરાઇ ગયેલું જ્ઞાન પ્રકટ કરવાનો છે; અને ધર્મશાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા માર્ગો પણ તે આવરણ દૂર કરવાને વાસ્તે છે.

આ છપ્પયમાં લખેલો બીજ મંત્ર ૐકાર અથવા પ્રણવાક્ષર છે. આત્મામાં રહેલી જ્ઞાનઋદ્ધિ જે હાલ તિરોહિત છે, તેને પ્રકટ કરવાને સર્વે પુરૂષોએ ઉદ્યમ કરવો જોઈએ. ઉદ્યમથી સર્વ બાબતો સિદ્ધ થાય છે. તો આ કામ પણ અવશ્ય સિદ્ધ થશે. સતત ઉદ્યમની અને તે સાથે તે બાબતને યોગ્ય સાધનો મેળવવાની જરૂર છે. યોગ્ય સાધનો અને ઉદ્યમનો સમાગમ થતાં સર્વ દુષ્કર કાર્યો સુકર થઈ જાય છે.

## મૂળ.

ચેતનની શક્તિ છે, સરસ્વતી શ્રુત વાણી,
ક્ષયોપશમના ભાવે જ્ઞાનીની શક્તિ જાણી.
ત્રણભુવન પ્રખ્યાત સદા સુખસાગર દેતી,
જ્ઞાતા જ્ઞેય વિચાર સારમાં લહ્યકર રહેતી.
શ્રુતવાણીને સેવીએ દિલ અનુભવ સુખડાં આપતી,
બુદ્ધિસાગર સરસ્વતી ઝટ ભ્રાન્તિ દુઃખડાં કાપતી.

શ્રુત વાણીરૂપી સરસ્વતી એ ચેતનની—આત્માની શક્તિ છે. સર્વ પ્રકારની જ્ઞાનઋદ્ધિ એ આત્માની સ્વાભાવિક શક્તિ છે. આપણને જે કાંઈ જ્ઞાન

થાય છે તે સર્વ આત્મામાં રહેલી જ્ઞાનશક્તિને લીધે થાય છે. પ્રકાશ એ જેમ સૂર્યનો સ્વાભાવિક ધર્મ છે, તેમ જ્ઞાન એ પણ આત્માનો સ્વાભાવિક ધર્મ છે. પણ જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મથી તેની જ્ઞાનઋદ્ધિ આચ્છાદિત થયેલી છે. જેવી રીતે તેજસ્વી સૂર્યના પ્રકાશને પ્રકટ થવામાં વાદળાં વિઘ્નરૂપ નીવડે છે, તેમ આ કર્મ પુદ્ગલો આત્માના જ્ઞાનપ્રકાશને પ્રકટ થવામાં બાધ કરે છે. પણ વાદળ નાશ પામતાં સૂર્ય દેખાય છે, તેમ આ જ્ઞાનને આવરણ કરનારાં કર્મ પુદ્ગલોનો ક્ષયોપશમ થતાં આત્માનું અવરાયેલું જ્ઞાન પ્રકાશમાં આવે છે. અને તેના બળવડેજ માણસ આ જગતના પદાર્થોનું જ્ઞાન મેળવી શકે છે. જેમ જેમ તે કર્મ પુદ્ગલોનો વધારે ક્ષયોપશમ, તેમ તેમ વિશેષ જ્ઞાન પ્રકટતું જાય છે. અને જ્યારે જ્ઞાનને આવરણ કરનારાં સર્વ કર્મ પુદ્ગલો ક્ષય પામે છે, ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે જ્ઞાનીની શક્તિનો આધાર કર્મના ક્ષયોપશમ ઉપર રહેલો છે. જ્ઞાનીની શક્તિઓ સ્વર્ગમૃત્યુ અને પાતાળ, ઉર્ધ્વ, અધઃ અને તીર્ચ્છા લોકમાં સુવિદિત છે. તેમને જણાવવાને ઢોલ વગાડવાની જરૂર પડતી નથી. તેઓ પોતાની મેળેજ પ્રકાશ પામે છે, અને તે જ્ઞાનવડે મનુષ્ય નિરંતર સુખસાગરમાં ન્હાય છે. જ્ઞાની પુરૂષ નિરંતર આનંદમાં રહે છે. અજ્ઞાન એજ દુઃખનું કારણ છે. તે જ્ઞાનીની શક્તિ નિરંતર ઉત્તમ પ્રકારના વિચાર કરવામાં મગ્ન રહે છે. જાણનાર કોણ અને જાણવા યોગ્ય પદાર્થ શું છે, એટલે ચેતન અને જડનો વિચાર કરવામાંજ જ્ઞાનીની શક્તિ વપરાય છે. પ્રારબ્ધ કર્મવિશાત્ આવી પડેલાં કાર્યો જ્ઞાની પણ કરે, છતાં તેનું સાધ્યબિન્દુ નિરંતર ચેતન અને જડનો વિવેક કરી ચેતનની સાથે પોતાની ઐકયતા કરવાનું હોય છે; તે ઐકયતા તો છે, પણ તેને અનુભવવામાં તે નિરંતર મચ્યો રહે છે.

કોઇ પણ પ્રકારનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન એવો સામાન્ય અર્થ થાય છે, પણ ધર્મ તે શબ્દ મુખ્યત્વે કરીને ધર્મશાસ્ત્રોને લાગુ પાડે છે. તે ધર્મશાસ્ત્રોમાં લખેલી વાણીનું નિરંતર સેવન કરવું, હૃદયમાં તેનું રટન કરવું, અને તે વાણીમાં વર્ણવેલા બોધ પ્રમાણે આચરણ રાખવાં. જ્ઞાની પુરૂષોએ તે વાણીમાં પોતાનો અનુભવ દર્શાવ્યો છે. માટે તેનું મનન આપણને અનુભવ રૂપ સુખ આપે છે. અનુભવીઓને કેવું સુખ થતું હશે, તેનો તે અનુભવ લીધા વિના, શાસ્ત્રવચનને લીધે, આપણને સહજમાં ખ્યાલ આવે છે. તે શ્રુતવાણીરૂપી સરસ્વતી સર્વ પ્રકારના ભ્રાન્તિ—સંશયો છેદી નાંખી વસ્તુનું

યથાર્થ સ્વરૂપ આપણી સન્મુખ રજુ કરે છે; અને અજ્ઞાન એજ ઉપર જણાવ્યા પ્રમાણે દુઃખનું કારણ હોવાથી અજ્ઞાન દૂર થતાં દુઃખ પણ દૂર નાશે છે, એમ ગ્રન્થ કર્ત્તા ખુલ્લા શબ્દોમાં જણાવે છે.

આત્મ શક્તિની સેવા સુખડાં સહુ કરનારી,
આત્મશક્તિની સેવા દુઃખડાં સહુ હરનારી,
આત્મશક્તિનો વ્યક્તિભાવ યોગાષ્ટક સાધે,
આત્મ શક્તિના વ્યક્તિભાવ છે ગુરૂ આરાધે,
આત્મ શક્તિની આગળે, સહુ દેવતા પાણી ભરે,
બુદ્ધિસાગર આત્મ વ્યક્તિ પામતાં સંપદ્ વરે.

આત્માની શક્તિ અનંત છે, કોઇથી તે કહી શકાય તેમ નથી. તે શક્તિનો અનુભવ કરનારા પણ શબ્દોમાં સંપૂર્ણપણે તે કહી શક્યા નથી, અને કદાપિ ભવિષ્યમાં પણ કોઇ તે કહી શકવા સમર્થ થશે નહિ. તે શક્તિ અપરિમિત છે, અને મનુષ્યવાચા તે દર્શાવવાને પુરતું બળ ધરાવતી નથી. તે આત્માની શક્તિની જો ઉપાસના કરવામાં આવે તો તે ઉપાસના સર્વ પ્રકારના સુખ આપે છે. આત્મા સ્વભાવેજ આનંદમય હોવાથી, તેની શક્તિની ઉપાસના આપણને આનંદ—પરમ સુખ પ્રાપ્ત કરાવી આપે, તેમાં આશ્ચર્ય શું! તે તો સ્વાભાવિક ક્રિયા છે. અને ખરૂં સુખ દુઃખરહિત હોવાથી, તેજ ઉપાસના સર્વ પ્રકારના દુઃખોનો સંહાર કરે છે. આધિ વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધતાપ આત્મ શક્તિની ઉપાસનાથી સહેજ ટળે છે; અને પરમશાંતિ અને આનંદનો અનુભવ થાય છે. પણ હવે જે ઉપાસનાથી આવો અકથ્ય લાભ તેના ભક્તોને મળે છે, તે ઉપાસના શી રીતે કરવી તે પ્રશ્ન વાચકના મનમાં ખડો થાય એ સ્વાભાવિક છે, તો તેનો ખુલાસો ગ્રન્થકારજ આપે છે. આત્મશક્તિ જે હાલ તિરોહિત ને અપ્રકટ છે, તેને પ્રકટ કરવાનો ઉત્તમોત્તમ માર્ગ યોગ અને તેના આઠ અંગ છે; અને તેની સાથે સદ્ગુરૂની ભક્તિ એ પણ ઉત્તમ સાધન છે. યોગના આઠ અંગ અને ગુરૂભક્તિ આત્મોપાસનાના પ્રબળ અને ઉત્કૃષ્ટ સાધનો છે, શ્રુતવાણીનું આરાધન ગુરૂથી થાય છે. અને ગુરૂની આરાધનાથી શ્રુત જ્ઞાન પ્રકટ થાય છે, તેથી આત્મા પોતાની શક્તિઓ પ્રકટ કરી શકે છે.

# બોર્ડીંગ પ્રકરણ.

**ભાષણ**—વિલાયતથી થોડા સમયપર પાછા ફરેલા **પંડિત ફતેહચંદ કર્પુરચંદ લાલન** અમદાવાદમાં ગયા માસમાં આવ્યા હતા. તે પ્રસંગે તેમણે આ બોર્ડિંગના મકાનમાં બે જાહેર ભાષણો આપ્યાં હતાં. ભાષણની શ્રોતાવર્ગપર સારી અસર થઇ હતી. આવાં ખાતાંઓ ઇંગ્લાંડમાં કેવી રીતે ચાલે છે અને તેને મદદ મેળવવા સારૂ શું કરવું જોઇએ તે સંબંધમાં પોતાનો અભિપ્રાય ખુલ્લા શબ્દોમાં જણાવ્યો હતો. આથી શ્રોતાવર્ગપર જે અસર થઇ હતી તેના પરિણામે તે વખતે બોર્ડીંગને માટે ટીપ થઇ હતી. જેમાં લગભગ રૂ. ૨૦૦ ) ભરાયા હતા તથા બે ત્રણ દિવસ પછી **શ્રી જૈનશ્વેતાંબર બોર્ડીંગ સહાયક મંડળ** એ નામનું મંડળ સ્થાપવામાં આવ્યું છે. તેમાં **સભાસદ** થનારને દરવર્ષે માત્ર એક રૂપીઓ આપવો પડે છે, અને તેના **લાઇફ** મેમ્બર થનારને રૂ. ૨૫ ) આપવા પડે છે, પણ પછીથી તેને દરવર્ષે રૂપીઓ આપવો પડતો નથી. આ મંડળમાં હાલ **૧૦૦–૧૫૦** સભાસદો દાખલ થયેલા છે. આ મંડલના સેક્રેટરી **પાલનપુરના** રહીશ–હાલમાં અત્રે વકીલાત કરતા–**મી. વેલચંદ ઉમેદચંદ શાહ** છે. આ મંડળના ઉત્સાહી સભાસદો હાલમાં ચાલતા લગ્નપ્રસંગે લગ્ન કરનારાઓને ઘેર જઇ આ બોર્ડિંગને સહાય આપવા સૂચવે છે, તેના પરિણામે બહુ સારૂ કાર્ય થતું જાય છે. અમે આ મંડળની દિનપ્રતિદિન ઉન્નતિ ઇચ્છીએ છીએ અને તે દ્વારા આ બોર્ડીંગનો અભ્યુદય થાઓ એમ પ્રાર્થીએ છીએ. લોકો જ્યારે લગ્ન પ્રસંગે હજારો રૂપૈયા ખર્ચવા તૈયાર થાય છે, તો તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ શુભ ખાતાને તે પ્રસંગે ભૂલી જશે નહિ. કદાચ કોઇ સ્થળેથી નિષ્ફળતા મળે છતાં પોતાના નિશ્ચયમાં નહિ ડગવાને અને આરંભેલું કામ પૂર્ણ દ્રઢતાથી પૂરૂં પાડવાને અમે આ મંડળના સભાસદોને ભલામણ કરીએછીએ.

**સૂચના**—આ માસિકના અગીઆરમા અંકના પાને ૨૪૭ મે બોર્ડિંગ પ્રકરણની બીજી લીટીમાં શેઠ સારાભાઇ ડાહ્યાભાઇના રૂ. ૫૦–૦–૦છે, તેને બદલે રૂ. ૬૦–૦–૦ સુધારી વાંચવું.

**મદદ**—૫–૦–૦ શા. મહેશ્વરદાસ હીરચંદ મુ. પુના.

૧૦૧–૦–૦ શ્રી રાજનગર જવેલરી માર્ટ તરફથી હા. શા. ભોગાભાઇ પુરૂસોત્તમ. મુ. અમદાવાદ.

| | | |
|---|---|---|
| ૧—૦—૦ | શા. ચુનીલાલ મોતીચંદ. | મુ. અમદાવાદ. |
| ૧—૦—૦ | શા. મંગલદાસ જમનાદાસ. | મુ. વડોદરા. |
| ૨—૦—૦ | શા. કાલીદાસ ઝુમચંદ. | મુ. પાલણપુર. |
| ૧—૦—૦ | શા. ભોળાભાઇ છોટાલાલ. | મુ. અમદાવાદ. |
| ૧—૦—૦ | શા. કેશવદાસ સુંદરજી. | ” |
| ૫—૦—૦ | શા. છગનલાલ ત્રીકમદાસ. | મુ. રાણપુર. |
| ૧—૦—૦ | શા. મનસુખરામ મેલાપચંદ. | મુ. અમદાવાદ. |
| ૫—૦—૦ | શા. લખમીચંદ ભાયચંદ. | ” |
| ૨૫—૦—૦ | ઝવેરી મોહનલાલ હેમચંદ | ” |
| ૨૫—૦—૦ | શા. મોહનલાલ નગીનદાસ. | ” |

**સ્વીકાર**—નીચેનાં પુસ્તકો અમને ભેટ તરીકે મળ્યાં છે, તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

૧ જૈનધર્મ પ્રકાશની સીલ્વર જ્યુબીલીનો ખાસ અંક
જૈનધર્મ પ્રસારક સભા તરફથી. મુ. ભાવનગર.

| | | | |
|---|---|---|---|
| ૧ દયાનો ઝરો. | કી. | ૦—૪—૦ | દોશી મણિલાલ નથુભાઈ. બી. એ. તરફથી. |
| ૧ જ્ઞાન દીપક. | | ૦—૩—૦ | |
| ૧ યોગ માર્ગનો ભોમીઓ. | | ૦—૨—૦ | |
| ૧ ગુરૂ દર્શનની બીજી આવૃત્તિ | | ૦—૬—૦ | |

( અભિપ્રાય હવે પછી )

ઝવેરી મણિલાલ મોહનલાલ હેમચંદ દલાલ તરફથી ઈંગ્રેજી, સંસ્કૃત, તથા ગુજરાતી મળી કુલ. ૧૨૭ બુકો આવી છે.

**જમણ**—તા. ૧—૩—૧૦ ના રોજ અમદાવાદ કાળુશીની પોળવાળા પટવા મગનલાલ પ્રેમચંદ તરફથી જમણ આપવામાં આવ્યું હતું.

૨ તા. ૫—૩—૧૦ નારોજ સદરહુ બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ મી. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆના લગ્નની ખુશાલી માટે જમણ આપવામાં આવ્યું હતું.

જરૂર વાંચો                                   તમારા લાભનું.

# માસિકનું બીજુવર્ષ.

અત્યાર સુધીના અગીઆર અંક નિયમિત રીતે બ્હાર પડી ચૂકયા છે. અને આ બારમો અંક આજે તમારા હાથમાં આવે છે. બીજા વર્ષથી આ માસિકના કદમાં વધારો કરવા ઇચ્છાછે, તથા ગ્રાહકોને બીજી રીતે લાભ થાય તેમ પણ યોજનાઓ કરવામાં આવશે. લખી બતાવવા કરતાં કરી બતાવવું એ વધારે ઠીક લાગતું હોવાથી એ સંબંધમાં વધુ લખવું ઉચિત નથી.

આવા ફેરફારનો મુખ્ય આધાર ગ્રાહકોની સંખ્યા છે. જેઓએ આ માસિકના લેખો વાંચી તેનો આસ્વાદ લીધો છે, તેઓને વિશેષ લખવાની કાંઇ જરૂર નથી, આવા ઉત્તમ-એક પંથ અને દોકાજ સરખા-કાર્યમાં સહાયક થવાને દરેક ગ્રાહકને સવિનય વિનંતી કરવામાં આવે છે. અને આ કામ પોતાના મિત્રોને તથા સ્નેહીઓને બુદ્ધિપ્રભાના ગ્રાહક થવા સૂચવવાનું છે. ગ્રાહકોની સંખ્યા એક હજારથી સહેજ ઓછી છે. ખરી રીતે આવા માસિકના ૧૦૦૦૦ ગ્રાહક થવા જોઇએ કે જેથી જૈન બોર્ડિંગનો આશ્રય લેનારા વિદ્યાર્થીઓને સહાય થાય અને ઉત્તમ જ્ઞાન આપી શકાય. જો દરેક ગ્રાહક વધારે નહિ તો એક એક ગ્રાહક વધારી આપે તો ક્રમે કરી ગ્રાહકોની સંખ્યા વૃદ્ધિ પામશે જ.

## ખાસ સૂચના

ઘણા ગ્રાહકોનું લવાજમ વસુલ થયું. જે થોડા બાકી છે, તેઓએ કૃપા કરી બોર્ડીંગના હિતાર્થે પોતાના તરફનું લવાજમ તાકીદે મોકલી આપવું. કેટલાક ગ્રાહકો ૨—૪—૬ કે તેથી પણ વધુ અંકો રાખી લવાજમ ભરવા વખતે ના પાડે છે. તેઓને જણાવવું પડે છે કે આ માસિકથી મળનાર લાભ છતાં તમારી ઇચ્છા તેના ગ્રાહક રહેવાની ન થતી હોય તો જેટલા અંકો મળ્યા હોય, તે દરેકના બે આના પ્રમાણે ગણી "બુદ્ધિપ્રભા" ઓફીસ ઉપર મોકલી આપવા કે જેથી બોર્ડીંગના જ્ઞાન ખાતામાં નુકશાન ન થાય.

**લી. વ્યવસ્થાપક, બુદ્ધિપ્રભા.**

નાગોરીસરાહ—અમદાવાદ.

# श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाळा.

## —દરેક પુસ્તકો હવે તૈયાર છે.—

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રન્થાંક | ० | भजन पद संग्रह भा० १ लो. | પૃષ્ઠ २०८ | કી. ०–८–० |
| ,, | १ | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. | ,, २०६ | ,, ०–४–० |
| ,, | २ | भजन पद संग्रह भा० २ जो. | ,, ३४६ | ,, ०–८–० |
| ,, | ३ | ,, ,, भा० ३ जो. | ,, २१५ | ,, ०–८–० |
| ,, | ४ | समाधि शतकम्. | ,, ३४० | ,, ०–८–० |
| ,, | ५ | अनुभव पच्चिसी. | ,, २४८ | ,, ०–८–० |
| ,, | ६ | आत्मप्रदीप. | ,, ३ ५ | ,, ०–८–० |
| ,, | ७ | भजनसंग्रह भा० ४ थो. | ,, ३०४ | ,, ०–८–० |
| ,, | ८ | परमात्म दर्शन. | ,, ४३२ | ,, ०–१२–० |
| ,, | ९ | परमात्म ज्योति. | ,, ५०० | ,, ०–१२–० |
| ,, | १० | तत्त्वबिंदु. | ,, २३० | ,, ०–४–० |

આ ગ્રન્થો (૧) મુંબઈ, પાયધુણી. (૨) અમદાવાદ નાગોરીશરાહ. (૩) ભાવનગર, આત્માનંદ સભા, (૪) પાલીતાણા, (૫) પાદરા, (૬) પૂના (૭) વડોદરા, (૮) સુરત જૈનલાઇબ્રેરી. એ સ્થલોએ રોકડી કીંમતે મલે છે. મજકુર અગીઆર પુસ્તકોના પૃષ્ઠો ૩૩૦૦ છે. કીંમત કેટલી નજીવી છે તેનો વિચાર કરો. અને ગ્રન્થો કેવા અમૂલ્ય છે તથા તેમાં શું છે તે અંક ૧૧ પૃષ્ઠ. ૩૧૬–૨૦ ફરી વાંચો. ભેટની મુદત ખલાશ થઈ છે.

---

## વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો.

### બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ઓછા મૂલ્યે.

| | કીમત. | ઓછી કીમત. |
|---|---|---|
| દયાનો ઝરો. | ૦–૪–૦ | ૦–૩–૦ |
| જ્ઞાનદીપક. | ૦–૩–૦ | ૦–૨–૦ |
| યોગમાર્ગનો ભોમીઓ. | ૦–૨–૦ | ૦–૧–૬ |

મળવાનું ઠેકાણું.

**બુદ્ધિપ્રભા ઓફીસ–અમદાવાદ.**

---

# શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપુજક બોર્ડીંગ.

સદ્ગૃહસ્થો! અમદાવાદ જેવા વિદ્યાના ઉત્તમક્ષેત્રમાં બોર્ડીંગની ઘણા વખતથી જરૂર હતી તે **શેઠ લલ્લુભાઇ રાયચંદ** તથા બીજા સદ્ગૃહસ્થોએ મળી **મુનિમહારાજ શ્રીબુદ્ધિસાગરજીના** સદુપદેશથી પુરી પાડેલી છે. આ બોર્ડીંગ સંવત ૧૯૬૨ના આસો સુદી ૧૦, વિજ્યા દશમીના શુભ દિવસે સ્થાપન કરવામાં આવી છે. તેની સ્થાપનાની શુભ ક્રીયા મરહુમ **શેઠ જેસંગભાઈ હઠીસંગના** શુભ હસ્તે કરવામાં આવી હતી. હાલમાં આસરે ૪૦ ગામના મળી સો જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. દરરોજ એક કલાક તેમને ધાર્મિક શિક્ષણ અપાય છે તથા તેઓની નીતિ તથા આચાર વિચાર ઉપર પણ બનતી સંભાળ રાખવામાં આવે છે, કેળવણીનો ફેલાવો કરવાને અને વિદ્યાર્થીઓને ભણવામાં સહાય આપવાને બોર્ડીંગ જેવી સંસ્થા એ ઉત્તમમાં ઉત્તમ યોજના છે. આ જે બોર્ડીંગ હાલમાં અમદાવાદમાં ચાલે છે તેનું ફંડ પ્રમાણમાં ઘણું નાનું છે અને તેથી આવકના સાધનો પણ બોર્ડીંગ જેવી સંસ્થા માટે પુરતાં નથી. આવી સંસ્થા માટે એક મોટા ફંડની જરૂર છે તેમજ તેને એક સારા હવાવાળા અને વિદ્યાર્થીઓને બધી રીતે અનુકુળ થઈ પડે એવી કસરતશાળાવાળા મકાનની પણ ખાસ જરૂર છે. ઘણા વિદ્યાર્થીઓને જગ્યાના તથા ફંડના અભાવે પાછા કાઢવામાં આવે છે. જો તેનું ફંડ વધે તો ઉપર જણાવેલો લાભ પણ મળી શકે અને એક સારૂં મકાન પણ તે વાસ્તે ખરીદી કે બંધાવી શકાય.

આ કામ કોઈ અમુક વ્યક્તિ કે જ્ઞાતિનું નથી; પણ આખા જૈન સંઘનું છે. દરેક જૈને આ કાર્યમાં પોતાનાથી બનતી મદદ કરવી ઘટે છે.

"પંચકી લકડી અને એકકા બોજ" તે પ્રમાણે લગ્ન આદિ જુદે જુદે પ્રસંગે દરેક સામાન્ય મનુષ્ય પણ "ફૂલ નહિ તો ફુલની પાંખડી" જે પોતાનાથી બને તે પ્રમાણે આ સંસ્થાને મદદ કરતા રહેતો ઘણા થોડા વખતમાં આ બોર્ડીંગમાં ઘણો સુધારો વધારો થઇ શકે.

વળી આ બોર્ડીંગને મદદ કરવાને એક બીજો પણ ઉત્તમ માર્ગ છે તે એકે બોર્ડીંગના લાભાર્થે આ "બુદ્ધિપ્રભા" નામનું માસિક ગયા એપ્રીલની ૧૫ મી તારીખથી નીકળે છે. તેમાં **મુનિ શ્રી બુદ્ધિસાગરજીના** તથા બીજા કેટલાક વિદ્વાનોના લેખો પ્રગટ થાય છે. આ માસિકમાંથી જે નફો રહેશે તે બધો બોર્ડીંગને મલવાનો છે. માટે આપ જરૂર તે નિમિત્તે એક રૂપિયો ખરચશો. એક રૂપિયામાં તમે આવી ઉત્તમ સંસ્થાને લાભ આપવાનો હિસ્સો આપી શકશો માટે તેના ગ્રાહક થઇ આભારી કરશો તથા પોતાના મિત્ર મંડળને તેના ગ્રાહક થવા ભલામણ કરશો એવી આશા રાખીએ છીએ. લી.

**વકીલ મોહનલાલ ગોકળદાસ બી. એ. એલ. એલ. બી.**
**ઓનરરી સેક્રેટરી, શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ.**